dailyhunt સંજોગ ન્યૂઝ

અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.

https://dhunt.in/RbYBS

સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 7 | Issue- 287 | AD - 2024, Ashadh sud - 14 | Saturday, Dt.20-07-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

ભારતમાં ઈન્ડિગો, અકાસા અને સ્પાઈસ જેટે પણ સેવામાં વિક્ષેપ અંગે એડવાઈઝરી જારી કરી

માઈક્રોસોફ્ટ ક્લાઉડ સર્વિસ બંધ થતા અનેક દેશોની એરલાઈન્સને અસર

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૧૯

માઈક્રોસોફ્ટની ક્લાઉડ સર્વિસ બંધ થવાના કારણે ભારત અને અમેરિકા સહિત વિશ્વના અનેક દેશોની એરલાઈન્સને અસર થઈ છે. ઘણી એરલાઈન્સની ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે. આ આઉટેજને કારણે ફ્લાઈટ બુકિંગ, કેન્સલેશનથી લઈને ચેક-ઈન સુધીની સેવાઓને અસર થઈ છે. રિપોર્ટ અનુસાર, માઈક્રોસોફ્ટ ક્લાઉડ આઉટેજને કારણે ફ્રન્ટિયર, એલિજિઅન્ટ અને સન કન્ટ્રી જેવી મોટી એરલાઈન્સ કંપનીઓની સેવાઓ ઠપ્પ થઈ ગઈ છે. ફ્રન્ટિયરે કહ્યું કે તે સામાન્ય કામગીરી ફરી શરૂ કરવાની પ્રક્રિયામાં છે. ભારતમાં ઈન્ડિગો, અકાસા અને સ્પાઈસ જેટે પણ સેવામાં વિક્ષેપ અંગે એડવાઈઝરી જારી કરી છે. એરપોર્ટ પર પ્રવેશ મેન્યુઅલ બોર્ડિંગ પાસ દ્વારા થાય છે.

અમારી સિસ્ટમ હાલમાં માઈક્રોસોફ્ટ આઉટેજથી પ્રભાવિત છે, જે અન્ય કંપનીઓને પણ અસર કરી રહી છે. આ સમય દરમિયાન બુકિંગ, ચેક-ઈન, તમારા બોર્ડિંગ પાસની ઍક્સેસ અને કેટલીક ફ્લાઈટ્સ પ્રભાવિત થઈ શકે છે. આ આઉટેજ પર, દિલ્હી એરપોર્ટે જણાવ્યું હતું કે, "વૈશ્વિક આઈટી આઉટેજને કારણે, દિલ્હી એરપોર્ટ પરની કેટલીક સેવાઓને અસ્થાયી રૂપે અસર થઈ હતી. અમે અમારા મુસાફરોને અસુવિધા ઘટાડવા માટે અમારા ભાગીદારો સાથે મળીને કામ કરી રહ્યા છીએ. મુસાફરોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ તેમના સંપર્કમાં રહે. એરલાઈન."



ફ્રન્ટિયરે અગાઉ કહ્યું હતું કે "માઈક્રોસોફ્ટ ટેકનિકલ ખામી"એ તેની કામગીરીને અસ્થાયી રૂપે અસર કરી છે. સન કન્ટ્રીએ જણાવ્યું હતું કે તૃતીય-પક્ષ વિક્રેતાએ તેના બુકિંગ અને ચેક-ઈન સુવિધાઓને અસર કરી છે. રિપોર્ટ અનુસાર, આ આઉટેજને કારણે ફ્રન્ટિયરે ૧૪૭ ફ્લાઈટ્સ કેન્સલ કરી છે અને ૨૧૨ રિશેડ્યૂલ કરી છે. આ સિવાય એલિજિઅન્ટની ૪૫ ટકા ફ્લાઈટ્સ મોડી પડી છે. સન કન્ટ્રીની ૨૩% ફ્લાઈટ્સ પણ મોડી પડી છે. કોમ્યુનિકેશનની સમસ્યાને કારણે અમેરિકન એરલાઈન્સે પણ પોતાની તમામ ફ્લાઈટ્સ બંધ કરી દીધી છે. માઈક્રોસોફ્ટે જણાવ્યું છે કે આ આઉટેજ ૧૯ જુલાઈના રોજ ભારતીય સમય અનુસાર સવારે ૩.૩૦ વાગ્યે શરૂ થયો હતો. કંપનીએ કહ્યું છે કે આઈટી ટીમ તેને ઠીક કરવા માટે સતત કામ કરી રહી છે.

સ્પાઈસે ટ્વિટર પર પોસ્ટ કર્યું, "અમે હાલમાં અમારા સેવા પ્રદાતા સાથે તકનીકી પડકારોનો અનુભવ કરી રહ્યા છીએ, જે બુકિંગ, ચેક-ઈન અને બુકિંગના સંચાલન સહિતની ઑનલાઈન સેવાઓને અસર કરી રહી છે. પરિણામે, અમે તમામ એરપોર્ટ પર મેન્યુઅલ ચેક-ઈન અને બોર્ડિંગ પ્રક્રિયાઓ સક્રિય કરી છે. અમે આગામી મુસાફરી યોજનાઓ ધરાવતા મુસાફરોને અમારા કાઉન્ટર પર ચેક-ઈન પૂર્ણ કરવા માટે સામાન્ય કરતાં વહેલા એરપોર્ટ પર પહોંચવાની વિનંતી કરીએ છીએ.

મહારાષ્ટ્રના જાલનામાં ટેક્સી કૂવામાં ખાબકતા ૭ મુસાફરોના મોત, ૩ ઘાયલ

બાઈક સાથે અકસ્માત થયા બાદ ટેક્સી કૂવામાં પડી, મુસાફરોની ચીચીયારીથી રોડ ગૂંજી ઉઠ્યો

(એ.આર.એલ),જાલના,તા.૧૯

મહારાષ્ટ્રના જાલનામાં મુસાફરોથી ભરેલી ટેક્સી રસ્તાની બાજુના કૂવામાં પડી ગઈ હતી. આ અકસ્માતમાં સાત લોકોના મોત થયા હતા જ્યારે ત્રણ લોકો ઘાયલ થયા હતા. મળતી માહિતી મુજબ, આ દુર્ઘટના જાલના જિલ્લાના રાજુર પાસે ખડેશ્વર બાબા મંદિર પાસે બની હતી. ટેક્સી અને ટુ-વ્હીલ વચ્ચે ટક્કર થઈ હતી.

મળતી માહિતી મુજબ, બાઈક સાથે અથડાયા બાદ ટેક્સી રસ્તાની બાજુમાં આવેલા કૂવામાં પડી હતી. કહેવાય છે કે ટેક્સીમાં લગભગ ૧૫ થી ૨૦ લોકો બેઠા હતા. જેમાંથી ૭ મુસાફરોના મોત

થયા છે જ્યારે ૩ ઘાયલ હોવાનું કહેવાય છે. મળતી માહિતી મુજબ, ચનેગાંવના કેટલાક ભક્તો બસ દ્વારા પંઢરપુરથી જાલના આવ્યા હતા અને કાળી-પીળી ટેક્સી દ્વારા જાલનાથી રાજુર જઈ રહ્યા હતા. તે દરમિયાન આ અકસ્માત થયો હતો. જાલના ડીએમ કૃષ્ણનાથ પંચાલે કહ્યું કે મુખ્યમંત્રી એકનાથ શિંદેએ સ્થિતિની જાણકારી લીધી છે. તેણે જણાવ્યું કે ૧૫ લોકો પંઢરપુરથી એક વાહનમાં પરત ફરી રહ્યા હતા. આ અકસ્માતમાં સાત લોકોના મોત નિપજ્યા હતા જ્યારે ડ્રાઈવર સહિત ૩ લોકો ઘાયલ થયા હતા અને તેમની સારવાર ચાલી રહી છે.

યુ.પી.માં ભારે વરસાદને કારણે ૫૫થી વધુ ગામો પાણીમાં ગરકાવ

વારાણસીમાં ગંગાના ૩૦ ઘાટ ડૂબી જતા આરતી ૪ ફૂટ ઉપરથી થશે

વારાણસી,તા.૧૯

ઉત્તર પ્રદેશના ઘણા જિલ્લાઓમાં લગભગ એક અઠવાડિયાથી પૂરની સ્થિતિ યથાવત્ છે. પૂરની સૌથી વધુ અસર ગોરખપુરમાં છે. અહીં રાપ્તી નદી ખતરાના નિશાનથી ઉપર વહી રહી છે. અત્યાર સુધીમાં ૫૫થી વધુ ગામો પાણીમાં ડૂબી ગયાં છે. NDRF, SDRF અને PACની ટીમો ૧૦૦ બોટ સાથે રાહત કાર્યમાં લાગેલી છે. ગંગા નદી બે કાંઠે વહી રહી છે. વારાણસીમાં ગંગાના ૩૦ ઘાટ ડૂબી ચૂક્યા છે. દશાશ્વમેઘ ઘાટમાં ગંગા આરતી સ્થળ સુધી પાણી પહોંચી ગયું છે. અસ્સી ઘાટમાં

જૂના આરતી સ્થળની જગ્યા બદલી નાખવામાં આવી છે. આજે આરતી ૪ ફૂટ ઉપરથી થશે. બીજી તરફ, બિહારના નેપાળ પાસે આવેલા વિસ્તારમાં પણ પૂરની સ્થિતિ બની રહી છે. આ સિવાય મુંબઈમાં ગુરુવારે ભારે વરસાદ થયો. હવામાન વિભાગ પ્રમાણે, ૧૦ કલાકમાં (સવારે ૮ વાગ્યાથી સાંજે ૬ વાગ્યા સુધી) ૪ ઈંચ વરસાદ નોંધાયો છે. આ દરમિયાન ઝાડ અને દીવાલ પડવા જેવી અનેક ઘટનાઓ પણ સામે આવી, પરંતુ કોઈ જાનહાનિ થઈ નથી. હવામાન વિભાગે આજે ૧૩ રાજ્યોમાં ભારે વરસાદનું એલર્ટ જાહેર કર્યું છે.

BEST DISHES
enjoy your best
days with us

Our restaurant offers an
unforgettable Food experience.

THE LION LODGE
LUXURY RETREAT

www.thelionlodge.in

The Best
Jungle Paradise
WEDDING
VENUES

Say "I do" surrounded by the untamed beauty of forest host your dream destination wedding with us where love meets the wild.

COTTAGE • RESTAURANT • PARTY LAWN • AC CONFERENCE HALL • SWIMMING POOL • SPA • MOCKTAIL BAR

BOOKING CONTACT +91 94094 00002
+91 94094 00003

Adjoining Ambardi Lion Safari Park, At. Ambardi,
Tal. Dhari, Dist. Amreli - 365 630 (GUJ)

સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
શનિવાર, તા.૨૦-૦૭-૨૦૨૪

લોકો ચૂંટાયેલા નેતાઓ પર સવાલો ઉઠાવી રહ્યા છે

જાફરાબાદમાં એસટી સેવાઓની અપૂરતી સુવિધાને લઈ લોકોમાં રોષ

રાજુલા, તા.૧૯

જાફરાબાદ શહેર અને તાલુકામાં રેલવે સુવિધા હજુ તો દૂરની વાત છે, પણ એસટી બસ સુવિધા પણ ઠીક મળતી નથી તે અંગે લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ચૂંટણી જીત્યા પછી નેતાઓ ગાયબ થઈ જાય છે અને લોકોની સમસ્યાઓ પર ધ્યાન આપતા નથી તેવી ફરિયાદો પણ ઉઠી રહી છે. જાફરાબાદ શહેરની વસ્તી ૩૦ થી ૩૫ હજાર જેટલી છે અને તાલુકામાં ૪૮ ગામડાઓ આવેલા છે. છતાં, અહીંથી સુરત અને મુંબઈ જવા માટે એક પણ સીધી એસટી બસ નથી. લોકોને પ્રાઈવેટ બસનો સહારો લેવો પડે છે અથવા રાજુલા સુધી જઈને ત્યાંથી બસ પકડવી પડે છે. મહુવા અને ભાવનગર જવા માટે પણ માત્ર એક જ બસ સવારે ૭ વાગ્યે ઉપડે છે. બીમાર લોકોને ખાનગી વાહનમાં મુસાફરી કરવા મજબૂર થવું પડે છે, જે ખર્ચાળ પણ છે. જાફરાબાદની સંસ્થાઓ, વેપારી નેતાઓ અને સામાજિક કાર્યકરોએ આ સમસ્યાનો ઉકેલ લાવવા માટે વારંવાર રજૂઆતો કરી છે, પરંતુ કોઈ ફાયદો થયો નથી. કોરોનાકાળ પહેલા સુરત અને મુંબઈ માટે એસટી બસો ચાલતી હતી, પરંતુ હજુ સુધી પુનઃ શરૂ કરવામાં આવી નથી. ભાવનગર અને જૂનાગઢ જવા માટેની બસો પણ બંધ છે. જાફરાબાદના નેતાઓ રાજકીય રીતે પ્રભાવશાળી હોવા છતાં આ મુદ્દા પર કોઈ કાર્યવાહી કરી શક્યા નથી. લોકો હવે નેતાઓની ક્ષમતા પર સવાલ ઉઠાવી રહ્યા છે અને પૂછી રહ્યા છે કે જો સરકાર એસટી બસ સુવિધા પણ પૂરી પાડી શકતી નથી, તો પછી શું કરી શકે છે?

તસવીર : બાબુભાઈ વાઢેળ

જિલ્લા કલેકટરે પાસામાં મોકલવાનો હુકમ કરતા

અમરેલીના શખ્સને પાસા તળે પાલરા જેલ ધકેલી દેવાયો

અમરેલી,તા.૧૯

અમરેલીના બહારપરા ખાટકીવાસમાં રહેતા મહેબુબ ઉર્ફે મેબલો મહમદભાઈ ભાડુલા સામે અમરેલી સિટી પોલીસ મથકમાં એટ્રોસિટી સહિતની ૭ ફરિયાદ નોંધાઈ હતી. જિલ્લા પોલીસવડા હિંમકરસિંહની સૂચનાથી એલસીબી પીઆઈ એ.એમ. પટેલે મહેબુબ ઉર્ફે મેબલો ભાડુલા સામે જરૂરી પુરાવા એકઠા કરી જિલ્લા મેજીસ્ટ્રેટ સમક્ષ પાસાની દરખાસ્ત રજૂ કરી હતી. અમરેલી જિલ્લા મેજીસ્ટ્રેટ અજય દહિયાએ સાત ગુનામાં સંડોવાયેલા મહેબુબ ઉર્ફે મેબલો મહમદભાઈ ભાડુલાને પાસા હેઠળ કચ્છ- ભુજની પાલરા જેલમાં ધકેલવાનો હુકમ કર્યો હતો. એલસીબીએ મહેબુબ ઉર્ફે મેબલો ભાડુલાને પાસા હેઠળ જેલમાં ધકેલવાની કાર્યવાહી હાથ ધરી હતી.

આપઘાત કરવા જતી પરિણીતાનું પતિ સાથે સુખદ સમાધાન કરાયુ

અમરેલી સખી વન સ્ટોપ સેન્ટર દ્વારા બંને પક્ષો વચ્ચે સમજાવટ

અમરેલી,તા.૧૯

અમરેલીના સખી વન સ્ટોપ સેન્ટર દ્વારા સંવેદનશીલ કામગીરી કરવામાં આવી છે. પીડિત બહેનને સંતાનમાં ચાર દીકરીઓ છે. આ બહેનને તેના પતિ દ્વારા માનસિક અને શારીરિક હેરાનગતિ કરવામાં આવતી હતી. જેનાથી કંટાળીને રેલવે સ્ટેશન પર તેમની ચાર દીકરીઓ સાથે અંતિમ પગલું ભરવા માટે ગયા હતા, જ્યાં તેને અન્ય બે બહેનો જોઈ જતા તેમને 'સખી વન સ્ટોપ સેન્ટર' પર મદદ માટે મુકવા માટે આવ્યા હતા. અહી સેન્ટર પર બહેન આશ્રયમાં હતા. ત્યારે તેમના પતિ તથા સાસરિયાને સેન્ટર પર કાઉન્સેલિંગ માટે બોલાવવામાં આવ્યા હતા. જ્યાં બંને પક્ષોને પોતાની ભૂલ સમજાઈ જતા અને હવે પછી આવું કશુ જ નહિ થાય તેવું કહેતા સખી વન સ્ટોપ સેન્ટર પર બંને પક્ષનું સમાધાન થયું હતું. બહેન તેમની ચાર દીકરીઓ અને તેમના પતિ સાથે સાસરિયે ગયેલ છે. આમ, સખી વન સ્ટોપ સેન્ટરના પ્રયત્નોથી અને સમજાવટથી બહેનના પતિને પોતાની ભૂલ સમજાઈ હતી અને હવે પછી ભૂલ નહિ કરે તેમ જણાવ્યું હતું.

બાબરામાં પીજીવીસીએલ કર્મચારીઓનું સન્માન કરાયું

જીવના જોખમે કામગીરી કરનાર કર્મચારીઓની કામગીરીની નોંધ લઈ તેમને બિરદાવ્યા

અમરેલી, તા.૧૯

અમરેલી જિલ્લાના બાબરા ખાતે પીજીવીસીએલના કર્મચારીઓનું સન્માન કરવા માટે એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં ઈજનેર ઠેસીયાભાઈના માર્ગદર્શન નીચે જે કર્મચારીઓ રાત દિવસ જોયા વગર નિષ્ઠાપૂર્વક પોતાની ફરજ બજાવી જીવના જોખમે કોઈપણ ઋતુમાં વીજપુરવઠો જળવાઈ રહે તે માટે મહેનત કરતા હોય તેમનું સન્માન કરવામાં આવ્યુ હતું. ખાસ કરીને ખેડૂતોને ખેતી માટે વીજળીની જરૂર વધારે પડતી હોય છે ત્યારે સારી કામગીરી કરનાર કર્મચારીઓનું એક ખેડૂત પરિવાર તરીકે વિનુભાઈ મુંગળાના હાથે સન્માનિત કરી તેમને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

મુંજીયાસર ડેમમાં નવા નીરની આવક, સપાટી ૧૩ ફૂટ પહોંચી



બગસરા પંથકમાં બે દિવસ પહેલા પડેલા વરસાદને કારણે મુંજીયાસર ડેમમાં નવા નીરની આવક થઈ હતી. બગસરાના ઉપરવાસમાં પડેલા વરસાદને કારણે મુંજીયાસર ડેમમાં બે ફૂટ નવા નીરની આવક થઈ હતી. મુંજીયાસર ડેમની કુલ સપાટી ૨૪ ફૂટ જેટલી છે. હાલ નવા નીરની આવક થતા ડેમની સપાટી ૧૩ ફૂટે પહોંચી છે.

ગીર ફાઉન્ડેશન દ્વારા

અમરેલીમાં ઈકો ક્લબના શિક્ષકો માટે કેપેસિટી બિલ્ડિંગ તાલીમ યોજાઈ

કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય ઇકો ક્લબના શિક્ષકોની ક્ષમતા વધારવાનો અને તેમને પર્યાવરણ સંરક્ષણ અને જાગૃતિ અંગે વધુ સક્ષમ બનાવવાનો હતો

અમરેલી,તા.૧૯

ગીર ફાઉન્ડેશન ગાંધીનગર દ્વારા આયોજિત અમરેલી જિલ્લાના ઈકો ક્લબના સંવાહક શિક્ષકો માટે એક મહત્વપૂર્ણ કેપેસિટી બિલ્ડિંગ તાલીમ કાર્યક્રમ વિદ્યાસભા કેમ્પસ, અમરેલી ખાતે યોજાયો હતો. આ કાર્યક્રમમાં ગીર પૂર્વ વિભાગના નાયબ વન સંરક્ષક રાજદીપસિંહ ઝાલા, નાયબ શિક્ષણાધિકારી નિખિલ વસાણી, ઈકો જિલ્લા કો-ઓર્ડિનેટર અજીતસિંહ ગોહિલ સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાસભાના

મેનેજિંગ ટ્રસ્ટી ચતુરભાઈ ખૂંટ, જિલ્લા આચાર્ય સંઘના પ્રમુખ સી.પી. ગોંડલિયા અને અન્ય શૈક્ષણિક સંસ્થાઓના પ્રતિનિધિઓએ પણ કાર્યક્રમમાં હાજરી આપી હતી. તાલીમ દરમિયાન, રાજદીપસિંહ ઝાલા, અજીતસિંહ ગોહિલ, તજજ્ઞ ચંદ્રેશ બોરીસાગર અને ગીર ફાઉન્ડેશનના અશોકભાઈ પાંભર દ્વારા પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન મારફતે વિવિધ વિષયો પર માહિતીપ્રદ સત્રો યોજાયા હતા. કાર્યક્રમનું સંચાલન અને સંકલન પૂર્વ બીઆરસી ઉદયભાઈ દેસાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

ચાંદીપુરા વાયરસ અંગે રજૂઆત કરતા નગરપાલિકા વિપક્ષ આગેવાન સમીર કુરેશી

અમરેલી, તા.૧૯

ગુજરાતભરમાં ચાંદીપુરા વાયરસ હાલમાં હાહાકાર મચાવી રહ્યો છે. હાલમાં ચોમાસાની સિઝન હોય જેથી વરસાદી વાતાવરણમાં અમરેલી શહેરના જુદા જુદા વિસ્તારમાં ગંદકીના કારણે માખી-મચ્છરોનો ખુબ જ ઉપદ્રવ વધી રહ્યો છે અને આ ઝેરી વાયરસ માખી મચ્છરોના ઉપદ્રવના કારણે જ ફેલાતો હોય અને ખાસ કરીને નાના બાળકોને આ રોગ ભરડામાં લેતો હોય જેથી અમરેલી શહેરમાં નાના ભુલકાઓ ચપેટમાં આવે તે પહેલા નગરપાલિકા દ્વારા શહેરના જુદા જુદા વિસ્તારમાં જે કચરાના ઢગલાઓ પડેલા છે તે વહેલી તકે દૂર કરાવવા અને શહેરની તમામ ગલીમાં જંતુનાશક દવાઓ અને ડીડીટીનો છંટકાવ કરાવવા તથા અમરેલી શહેરમાં ફોગીંગ મશીન દ્વારા કાર્યવાહી કરાવવામાં આવે તો ખુબ જ સાનુકૂળતા રહે તેમ હોય જેથી આ બાબતે સજાગતા પૂર્વક કાર્ય આરંભી દેવા નગરપાલિકા વિપક્ષ નેતા સમીર કુરેશીએ રજૂઆત કરી છે.

કોંગ્રેસની રાજુલા જાફરાબાદ નગરપાલિકાની ચૂંટણીલક્ષી બેઠક રાજુલામાં મળશે

અમરેલી,તા.૧૯

રાજુલા અને જાફરાબાદ નગરપાલિકાની ચૂંટણીને અનુલક્ષીને એક મહત્વની બેઠક રાજુલા ખાતે મળવાની છે. જેમાં અમરેલી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપભાઈ દુધાત, જેનીબેન ઠુંમર, જે.ડી. કાછડ, નાયાભાઈ ગુજર, ટીકુભાઈ વરૂ, ગાંગાભાઈ હડીયા, દિપકભાઈ ત્રિવેદી, નાથાભાઈ પરમાર, અબ્દુલભાઈ સેલોત, હિતેષભાઈ સોલંકી સહિતના આગેવાનો રાજુલા ખાતે ઉપસ્થિત રહેશે અને રાજુલા, જાફરાબાદના નગરપાલિકાના દાવેદારો અને ઉમેદવારો, સ્થાનિક આગેવાનો સાથે ચર્ચા વિચારણા કરશે. તો ચૂંટણી લડવા ઈચ્છતા દાવેદારોએ પોતાના કાર્યકરો, ટેકેદારો સાથે અને કોંગ્રેસના આગેવાનોએ ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

રાજુલામાં એસબીઆઈ લોન મેળા ૨૦૨૪નું ભવ્ય આયોજન

લાભાર્થીઓને લોનના ચેકનું વિતરણ પણ કરવામાં આવ્યું

રાજુલા, તા.૧૯

આજે રાજુલાની એસબીઆઈ મેઈન શાખા દ્વારા "લોન મેળા ૨૦૨૪"નું આયોજન કરવામાં આવ્યું હતું. આ મેળામાં ગ્રાહકોને હોમ લોન, કાર લોન, ગોલ્ડ લોન, શિક્ષણ લોન, વ્યવસાય લોન અને સોલાર સિસ્ટમ માટેની લોન સહિત વિવિધ લોન યોજનાઓની માહિતી આપવામાં આવી હતી. આ પ્રસંગે, શાખાના AGM શશીરાજ, ટીડીઓ હિતેશ પરમાર, ચેમ્બરના પ્રમુખ મનીષ વાળા, પૂર્વ પ્રમુખ બકુલભાઈ વોરા અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. શાખાના બ્રાન્ચ મેનેજર પવિત્ર મોહન દ્વારા ગ્રાહકોને વિવિધ લોન યોજનાઓ, ઓછા વ્યાજ દરે લોન મેળવવાની રીત, FD અને અન્ય રોકાણ યોજનાઓ વિશે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમ દરમિયાન લાભાર્થીઓને લોનના ચેકનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે એસબીઆઈ રાજુલા શાખાના તમામ કર્મચારીઓ અને બ્રાન્ચ મેનેજર પવિત્ર મોહને ભારે જહેમત ઉઠાવી હતી.

તસવીર : ગોપાલ રાઠોડ

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)
વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com

Hero
DUNIYA KI SARVOTTAM Fi ENGINE TECHNOLOGY
AB HAR HF DELUXE MEIN.
નવનીત ઓટો સેન્ટર
ગોપી સિનેમા પાસે, સ્ટેશન રોડ,
અમરેલી ફો.૭૫૭૪૮૨૭૩૦૦

મુકેશ સંધાણી
94281 45595
New Number
97230 67130
હર્ષદ સંધાણી
98242 33314
હાઈડ્રોલીક લીફ્ટ નંગ - ૨ વેચવાની છે સંપર્ક કરો
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ- બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શ્યુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?
વ્યાજબી ભાવ શ્રેષ્ઠ ગ્રાહક સેવા ગુણવતાયુકત કામ પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ
મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

આરોપી મૂળ મહેસાણા જિલ્લાનો વતની છે

બાબરા પોલીસે ઠગાઈના આરોપીને સોનાના દાગીના સાથે ઝડપી પાડ્યો

પોલીસે રૂ. ૧,૨૯,૫૦૦/- ના સોનાના દાગીના કબજે કર્યા

બાબરા,તા.૧૯

અમરેલી જિલ્લાના બાબરા પોલીસ સ્ટેશને એક મહત્વપૂર્ણ સફળતા મેળવી છે. પોલીસે એક વ્યક્તિને પકડ્યો છે જેણે કથિત રીતે એક વ્યક્તિ સાથે ઠગાઈ કરી હતી અને તેના સોનાના દાગીના લઈ ગયો હતો. આરોપી નીલેષકુમાર દીનેશચંદ્ર વ્યાસ (૩૩) ને પકડવામાં આવ્યો છે. તે મૂળ મહેસાણા જિલ્લાનો વતની છે અને હાલમાં ભાવનગરમાં રહે છે. આરોપી કર્મકાંડનો વ્યવસાય કરે છે. પોલીસના

જણાવ્યા અનુસાર, ફરિયાદી તાઈવદર ગામના રહેવાસી છે. તેમની પત્નીનું એક વર્ષ પહેલા અવસાન થયું હતું. આઠેક મહિના પહેલા આરોપીનો પરિચય થયો અને આરોપીએ ફરિયાદીને ખોટા ભ્રમ અને અંધશ્રદ્ધામાં રાખીને તેમની પત્નીના મૃત્યુ બાદ વિધિ કરાવવાના બહાને સોનાના દાગીના મેળવી લીધા હતા.

બાબરા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર સી.એસ. કુગસીયા અને તેમની ટીમે આરોપીને શોધી કાઢ્યો અને તેની પાસેથી રૂ. ૧,૨૯,૫૦૦ની કિંમતના સોનાના દાગીના જપ્ત કર્યા છે. આ કામગીરી બાબરા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી સી.એસ. કુગસીયા અને તેમની ટીમે કરી હતી.

ધારીના ચલાલા-ગોપાલગ્રામ રોડ પર ફોરવ્હીલ અને નીલગાય વચ્ચે અકસ્માત

ધારી,તા.૧૯

આજે ધારી તાલુકાના ચલાલાથી ગોપાલગ્રામ જતા રસ્તા પર એક અકસ્માત સર્જાયો હતો. જ્યાં એક ફોરવ્હીલ અને નીલગાય વચ્ચે અકસ્માત થયો હતો. અકસ્માતના સમાચાર મળતા સ્થાનિક લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. સદનસીબે આ

અકસ્માતમાં કોઈપણ પ્રકારની જાનહાનિ થઈ નથી, પરંતુ નીલગાયના બે પગમાં ગંભીર ઈજા પહોંચી છે. અકસ્માતમાં ફોરવ્હીલને વધુ પ્રમાણમાં નુકસાન થયું છે.

ભુવા ગામે ઘરની વાડ પર કપડા સુકવવા મુદ્દે બબાલ થઈ

સાવરકુંડલા, તા.૧૯

સાવરકુંડલાના ભુવા ગામે ઘરની વાડ પર કપડા સુકવવા જેવી નજીવી વાતમાં બોલાચાલી અને બબાલ થઈ હતી. બનાવ અંગે રાજુભાઈ રમેશભાઈ સોલંકી (ઉ.વ.૨૫) એ ગીરીશભાઈ નાનજીભાઈ સોલંકી સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીના પત્નીએ તેમના ઘરની વાડ પર કપડા સુકવ્યા હતા. જેથી તેમના માતાએ કપડા ન સુકવવા કહ્યું હતું. જે બાબતે બોલાચાલી થઈ હતી. આ અંગે તેઓ સમજાવવા જતા આરોપીએ આવી પોતાની પાસે રહેલ લોખંડની હોકી જેવા હથિયારથી ફટકારીને ઈજા કરી હતી. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એચ. વી.વેગડા વધુ તપાસ કરી રહ્યા છે.

ઉદારતા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા એકાદશી નિમિત્તે સાવરકુંડલામાં ઝૂંપડપટ્ટીમાં ખારેકનું વિતરણ

સાવરકુંડલા, તા.૧૯

દેવશયની એકાદશી- અગિયારસ એ હિન્દુ ધર્મમાં એક મહત્વપૂર્ણ વ્રત, દિવસ-તહેવાર છે, જે અષાઢ મહિનાના શુક્લ પક્ષની એકાદશીના રોજ મનાવવામાં આવે છે. એકાદશી પર કરવામાં આવેલા ઉપાય, પૂજા, મંત્ર જાપ વગેરે સુખ, સમૃદ્ધિ લાવે છે. મા લક્ષ્મીના આશીર્વાદ મળે છે. આ એકાદશીના

પર્વ પર ઉદારતા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સાવરકુંડલામાં આવેલા અલગ-અલગ ઝૂંપડપટ્ટી વિસ્તારોમાં જરૂરિયાતમંદ લોકોને ખારેકનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત બાળકોને શિક્ષણમાં કોઈ પણ પ્રકારની જરૂરિયાત હોય તો ટ્રસ્ટનો સંપર્ક કરવાનું જણાવવામાં આવ્યું હતું. આ કાર્યને સફળ બનવવામાં ઉદારતા ચેરીટેબલ ટ્રસ્ટના ધારાબેન ગોહિલ, જાનવીબેન શિયાળ, પ્રિયાંશીબેન માંડવીયા અને રવિભાઈ જોષી દ્વારા ખારેક વિતરણનું કાર્ય કરવામાં આવ્યું હતું.

સ્વામિનારાયણ દિવ્યધામ-વડીયામાં ગુરૂપૂર્ણિમા ઉત્સવની ઉજવણી કરાશે

વડીયા,તા.૧૯

સ્વામિનારાયણ દિવ્યધામ વડીયામાં બિરાજમાન ઘનશ્યામ મહારાજની છત્રછાયામાં ગુરૂવર્ય માનત સ્વામી રામકૃષ્ણદાસજી સ્વામીની પ્રેરણાથી ગુરૂપૂર્ણિમાનો ઉત્સવ ધામધૂમથી ઉજવવામાં આવશે ત્યારે આ પ્રસંગે ગુરૂપૂર્ણિમાના દિવસે સવારે ૬ થી ૮ વાગ્યા સુધી મહાપૂજાનો કાર્યક્રમ થશે, ૮:૩૦ કલાકે ધ્વજાનું પૂજન કરી ધજા ચઢાવવામાં આવશે બાદમાં ધૂન ભજન કિર્તન કરી સત્સંગી સભા થશે. શાસ્ત્રી સ્વામી આનંદ સ્વરૂપ દાસજી કથાનું રસપાન કરાવશે ત્યારબાદ ગુરૂવર્ય અક્ષર નિવાસી પંડિત સ્વામી ધર્મ વલ્લભ દાસજી સ્વામી તથા મહંત માનત સ્વામી રામકૃષ્ણ દાસજી આદિ સંતોનું પૂજન અર્ચન કરવામાં આવશે. આ પ્રસંગે વડીયા તથા આજુબાજુના ગામોમાંથી અનેક ગુરૂભકત હરિભક્તો આવી ગુરૂપૂર્ણિમા મહોત્સવનો લાભ લેશે.

અમરેલીમાં ચોકડીમાં પગ લપસતાં ગંભીર ઈજા થતાં મહિલાનું મોત

અમરેલી, તા.૧૯

અમરેલીમાં રહેતા મૂળ મધ્યપ્રદેશના અલીરાજપુરના ભાભરાના મુકામ રમેશભાઈ વાસ્કલા (ઉ.વ.૩૬)એ જાહેર કર્યા મુજબ, કાલીબેન મુકામ વાસ્કલા (ઉ.વ.૩૫) ચોકડીમાં પાણી ભરવા ગયા હતા.

પાણી ભરતાં ચોકડીમાં પગ લપસતાં માથાના ભાગે ગંભીર ઈજા થવાથી મરણ પામ્યા હતા. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ જે.કે.ડામોર વધુ તપાસ કરી રહ્યા છે.

બે મહિનાનું પેન્શન તાત્કાલિક ચૂકવવામાં આવ્યું

બગસરા પાલિકામાં પગાર-પેન્શન વિવાદનો સુખદ અંત

સમસ્યાનું નિરાકરણ આવતા પેન્શનરોમાં આનંદ છવાયો

બગસરા, તા.૧૯

બગસરા પાલિકામાં છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલા કર્મચારીઓ અને પેન્શનરોના વિવાદનું આજે સુખદ સમાધાન થયું હતું. પાલિકા દ્વારા કાયમી કર્મચારીઓ અને પેન્શનરોને પગાર અને પેન્શનમાં થયેલ વિલંબ બદલ ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. પાલિકા દ્વારા પેન્શનરોને બે મહિનાનું તાત્કાલિક પેન્શન ચૂકવવામાં આવ્યું હતું, જેનાથી તેમને રાહત મળી હતી. આગામી મહિનામાં બાકીના ત્રણ મહિનાનું પેન્શન તેમજ નિયમિત પેન્શન ચૂકવવાની બાંહેધરી ચીફ ઓફિસર અને પ્રમુખ દ્વારા

આપવામાં આવી હતી. સફાઈ કામદારો દ્વારા લઘુતમ વેતન મુજબ પગાર ચૂકવવાની માંગણી પણ સ્વીકારવામાં આવી હતી. રોજમદાર સફાઈ કામદારોને મહેકમના દર મુજબ ૧૦% વધારા સાથે ૫૦૯ રૂપિયા પ્રમાણે પગાર ચૂકવવામાં આવશે તેવી ખાતરી પાલિકા પ્રમુખ દ્વારા આપવામાં આવી હતી. આ ઉપરાંત, ૧/૮ થી અમલમાં આવનારા ૬ નવા કર્મચારીઓનો સમાવેશ, ક્ષેત્રફળના આધારે સમાન પગાર, રજા માટે અગાઉથી અરજી કરવાની ફરજ પાડવી અને રજા ન લેવાના કિસ્સામાં પગાર કપાત જેવા મુદ્દાઓનો પણ ઉકેલ લાવવામાં આવ્યો હતો.

વડીયા ગામમાં પરંપરાગત રીતે મોહરમની ઉજવણી કરાઈ

વડીયા, તા.૧૯

ગુજરાતના અમરેલી જિલ્લામાં આવેલા વડીયા ગામમાં ગઈકાલે મુસ્લિમ ધર્મના લોકો દ્વારા મોહરમ પર્વની ઉજવણી ભવ્ય રીતે કરવામાં આવી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં મુસ્લિમ સમાજના લોકો ઉપસ્થિત રહ્યા હતા અને હજરત ઈમામ હુસેન અને ૭૨ શહીદોના શૌર્ય અને બલિદાનને શ્રદ્ધાંજલિ આપી હતી. વડીયા ગામની જુમ્મા મસ્જિદથી મુખ્ય બજાર સુધી તાજીયાનું ભવ્ય જુલૂસ નીકળ્યું હતું.

આ જુલૂસમાં મોટી સંખ્યામાં મુસ્લિમ સમાજના લોકો શોકસભામાં જોડાયા હતા. આ મહોત્સવમાં ખાસ વાત એ રહી કે, હિન્દુ સમાજના લોકો પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને મુસ્લિમ ભાઈઓ સાથે મળી શાંતિપૂર્ણ રીતે મોહરમ પર્વની ઉજવણી કરી હતી. સ્થાનિક લોકો દ્વારા નાસ્તા અને ઠંડા પીણાંના વિતરણની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી.

વી. કે. મોટર્સ
VK MOTORS
Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ
તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં
રીપેરીંગ કરી આપવામાં આવશે.
ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com

સંકુલ ઈંગ્લીશ મિડીયમ CBSE સ્કૂલ મંજુરી પ્રક્રિયા
★ સંકુલ માં ઈંગ્લીશ મિડીયમ ધો. ૧ થી ૧૦ ગુજરાત બોર્ડ સ્કૂલ ચાલુ છે.
★ સંકુલ માં ઈંગ્લીશ મિડીયમ ધો. ૧ થી ૧૦ ICSE દિલ્હી બોર્ડ સ્કૂલ ચાલુ છે.
★ સંકુલ માં ઈંગ્લીશ મિડીયમ ધો. ૧ થી ૧૦ CBSE દિલ્હી બોર્ડ સ્કૂલ શરૂ થશે.
★ જે શ્રીમતિ સી. વી. બાબરીયા એક્લેરાવાળા ઈન્ટરનેશનલ સ્કૂલ તરીકે ઓળખાશે.
★ સંકુલ ઈંગ્લીશ મિડીયમ સ્કૂલ – બહુજ વ્યાજબી ફી – સુવ્યવસ્થીત શિક્ષણ વ્યવસ્થા
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળ:–શ્રીમતીશાંતાબેનહરિભાઈગજેરાશૈક્ષણિકગર્લ્સસંકુલ(લેઉવા પટેલ),ચક્કરગઢ રોડ -Ad 057

જાહેર હરરાજી

આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે, લાઠી તાલુકાના મતિરાળા ગામે મતિરાળા પે.સે.શાળામાં સ્લેબવાળો રૂમ-૧ જર્જરિત હાલતમાં છે. તેનો માલ સામાન સહિતનો ઈમલો લઈ જઈ તળીયુ સમથળ કરી આપવાની જાહેર હરરાજી મતિરાળા પે.સે. શાળામાં તા. ૨૬/૦૭/૨૦૨૪ ને શુક્રવારના સવારે ૧૧:૦૦ કલાકે રાખેલ છે. ઈમલાની અપસેટ પ્રાઈઝ ૫૯૦૦/- છે તથા હરરાજીમાં ભાગ લેનાર આસામીએ ડીપોઝીટ પેટે રૂા. ૧૦,૦૦૦/- ભરવાના રહેશે. ડીપોઝીટ ભરનાર વ્યકિત જ હરરાજીમાં ભાગ લઈ શકશે.

સ્થળ: મતિરાળા પે.સે.શાળા
સમય: સવારે ૧૧:૦૦ કલાકે
તારીખ: ૨૬/૦૭/૨૦૨૪

આચાર્ય
મતિરાળા પે.સે. શાળા
એસ.એમ.સી. અધ્યક્ષ
મતિરાળા પે.સે. શાળા

KAKA® PVC PROFILE
શ્રેષ્ઠ ક્યારેય સસ્તુ ન હોય,
સસ્તુ ક્યારેય શ્રેષ્ઠ ન હોય.
નિર્મળ સાવલીયા
૯૮૭૯૬ ૬૭૭૭૧
સંજય સાવલીયા
૯૯૭૯૯ ૪૨૪૪૨
શ્રી વલ્લભ એન્ટરપ્રાઈઝ
કિચેન કેબિનેટ | માળીયા | ટી.વી. કેબિનેટ
વોલ પેનેલિંગ | સીલીંગ | પી.વી.સી. દરવાજા
ફાયદા : ઉધઈ પ્રુફ, પાણીનો કોઈ અસર નહિ
પીવીસી પતરા ઓર્ડર પ્રમાણે મળશે
ઓછા સમયમાં
અસરકારક પ્રતિસાદ આધુનિક યુગનું
એક આધુનિક પગલું
૪૬ સરદાર શોપિંગ સેન્ટર,
જિલ્લા પંચાયત રોડ,
અમરેલી
CHEMICAL INDUSTRIES SHED IN GUJARAT
ROOF TOUCH SHEETS
2015 CERTIFIED COMPANY
GOVERNMENT DONE SITE

ડ્રીમ ફેમિલી સ્પા – ધમાકા ઓફર
Appointment Now Mo.8160832025
Dream Family spa
Ladies & Gents
ડ્રીમ ફેમેલી સ્પા
ભાઈઓ માટે Rs.1499/- માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૬૦ મિનીટ (૧ કલાક)
બહેનો માટે Rs.699/- માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1299/- માં પ્રિમીયમ મસાજ
અયોધ્યા એપાર્ટમેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર, B વિભાગ,
રોયલ એમેઝોન પાર્કની બાજુમાં અમરેલી.

શ્રી દાતરડી પ્રા.શાળા, તા.રાજુલા, જી.અમરેલી
જાહેર હરાજી

આથી રસ ધરાવતી પાર્ટીઓને જણાવામાં આવે છે કે રાજુલા તાલુકાની દાતરડી પ્રા.શાળામાં નળિયાવાળા રૂમ -૩, સ્લેબરૂમ-૧, ટોયલેટ રૂમ-૨,મ.ભ.યો. રસોડુ -૧, પાણીના ટાંકા-૩ ની જાહેર હરાજી તા. ૨૯/૦૭/૨૦૨૪ ના રોજ સવારે ૯ વાગ્યા પહેલા ડિપોઝીટ ભરીને જ બોલીમાં ભાગ લઈ શકશે. હરાજીની બોલીઓ અને શરતો રૂબરૂ વાંચી સંભળાવામાં આવશે.

હરાજીની તારીખ :-
તારીખ : ૨૯/૦૭/૨૦૨૪
સવારે ૯:૦૦ કલાકે
સ્થળ :- દાતરડી

અધ્યક્ષ/સભ્ય સચિવ
સ્કુલ મેનેજમેન્ટ કમીટી
દાતરડી પ્રા.શાળા,
તા.રાજુલા

સા.કુંડલાના આંબરડી ગામે પ્રા. આરોગ્ય કેન્દ્રના નવા બિલ્ડીંગનું ખાતમુહૂર્ત કરાયું

આસપાસના ૧૦થી વધુ ગામોને લાભ થશે

સાવરકુંડલા, તા.૧૯

સાવરકુંડલા તાલુકાના આંબરડી ગામે નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના વરદ હસ્તે અને મુખ્ય મહેમાન સાંસદ ભરતભાઈ સુતરીયાની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અમરેલીના ધારાસભ્ય અને વિધાનસભા ઉપદંડક કૌશીકભાઈ વેકરીયા, જનકભાઈ તળાવીયા-ધારાસભ્ય લાઠી, જે.વી.કાકડીયા-ધારાસભ્ય ધારી, દિપકભાઈ માલાણી– ચેરમેન એ.પી.એમ.સી. સાવરકુંડલા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ નવા બિલ્ડીંગમાં આરોગ્યને લગતી સુવિધા હશે. તે માટે રૂા. ૧ કરોડ ૨૫ લાખ મંજૂર કરવામાં આવ્યા છે. બિલ્ડીંગ તૈયાર થતાં આંબરડી અને આસપાસના દોલતી, દેતડ, થોરડી, ઘનશ્યામનગર, આદસંગ, ખોડીયાણા, બગોયા-ગીણીયા, કૃષ્ણગઢ, મીતીયાળા, અભરામપરા, જાબાળ અને લુવારા વિ. ગામોને આરોગ્યલક્ષી સુવિધા પ્રાપ્ત થશે.

રાજુલાના પડતર પ્રશ્નને લઈ કોંગ્રેસ સમિતિ દ્વારા પ્રાંત અધિકારીને આવેદનપત્ર અપાયું

રાજુલા, તા.૧૯

રાજુલા શહેર કોંગ્રેસ સમિતિએ પડતર પ્રશ્નને લઈ પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપ્યુ હતું. જેમા જણાવેલ કે, નગરપાલિકાની પાંચ વર્ષની ટર્મ પૂર્ણ થઈ ચૂકી હોય હાલ વહીવટદાર દ્વારા નગરપાલિકાનું શાસન ચાલી રહ્યુ છે. નગરપાલિકા દ્વારા સફાઈ, પાણી, લાઈટ સહિત કોઈ કામગીરી કરવામાં ન આવતા શહેરીજનો ત્રસ્ત થયાં છે. રાજુલા વિસ્તારનાં દરેક વોર્ડમાં ઘણા સમયથી ગંદકીનું સામ્રાજ્ય સર્જાયુ છે. પરિણામે રોગચાળાની ભીતિ વર્તાઈ રહી છે. શહેરના રાજમાર્ગો તથા શેરીઓના રસ્તાઓ બિસ્માર હાલતમાં છે, તે અંગે તત્કાલ સમારકામ શરૂ કરવામાં આવે, નિયમિત શહેરજનોને પાણી આપવામાં આવે તેવી માંગ કરવામા આવી હતી. જો આગામી સમયમાં કોઈપણ પ્રશ્નનું નિરાકરણ કરવામાં નહી આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલનની ચીમકી ઉચ્ચારી હતી. આ તકે શહેર કોગ્રેસ પ્રમુખ રવીરાજભાઈ ધાખડા, રાહુલભાઈ ધાખડા, સહિતના લોકો ઉપસ્થિત રહ્યાં હતાં.

મતીરાળા ગામે દુકાનમાંથી એલસીડી ટીવીની ચોરી

લાઠી, તા.૧૯

લાઠીના મતીરાળા ગામે એક વેપારીની દુકાનમાંથી ત્રણ ઈસમો એલસીડી ટીવી તથા ગલ્લામાં રહેલા જરૂરી ડોક્યુમેન્ટની ચોરી કરીને ફરાર થઈ ગયા હતા. બનાવ સંદર્ભે વિમલભાઈ ધીરૂભાઈ વાજા (ઉ.વ.૩૨)એ હાલ ખીજડીયા (રાદડીયા) ગામે રહેતા મૂળ મધ્યપ્રદેશના કુંદન વાલસિંહ ભુરીયા, હતરૂ મંગલસિંહ મસાણીયા, આશિષ ઉર્ફે રાકેશ કરણભાઈ મસાણીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, ત્રણ ઈસમો મોટર સાઈકલ લઈ આવી તેમની મારૂતિ પાન એન્ડ કોલ્ડ્રીંકસની દુકાનમાં રહેલ સોની કંપનીનું કાળા કલરનું એલસીડી ટીવી જેની કિં.રૂ.૧૦,૦૦૦ તથા દુકાનના ગલ્લામાં રહેલ જરૂરી ડોક્યુમેન્ટના પાકીટની ચોરી કરી ફરાર થઈ ગયા હતા.

દામનગર માર્કેટ યાર્ડના નવા ચેરમેન અને વાઈસ ચેરમેનની બિનહરીફ વરણી

દામનગર, તા.૧૯

અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના દામનગર માર્કેટિંગ યાર્ડમાં ચેરમેન અને વાઈસ ચેરમેનની સર્વાનુમતે બિનહરીફ વરણી કરવામાં આવી હતી. નવનિયુક્ત હોદ્દેદારોને લાઠી - બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયાને અભિનંદન પાઠવ્યા હતા. વર્ષોથી સહકારી ક્ષેત્રે જોડાયેલા સહકારી આગેવાન હરજીભાઈ નારોલાની બિનહરીફ ચેરમેન તરીકે વરણી કરવામાં આવી હતી. જ્યારે વાઈસ ચેરમેન તરીકે હર્ષદભાઈ પરમારની પણ બિનહરીફ વરણી થઈ છે. દામનગરમાં ૧૯૮૬થી સમયાંતરે ખેડૂત, સહકારી અને વેપારી આગેવાનો ચૂંટાતા આવ્યા છે. બિનહરીફ ચૂંટાયેલ આગેવાનોને અભિનંદન આપવા માટે ધારાસભ્યએ માર્કેટિંગ યાર્ડ ખાતે પહોંચીને બંને આગેવાનોને આગામી દિવસોમાં ખેડૂતોના મુદ્દે કામ થાય અને યાર્ડ વધુ પ્રગતિ કરે તેવી શુભકામનાઓ પાઠવી હતી.

અમરેલીના ખેડૂતને વ્યાજખોરે પઠાણી ઉઘરાણી કરી ગાળો આપી

ખેડૂત હાલ સુરતના પાસોદરામાં રહે છે

અમરેલી, તા.૧૯

અમરેલી જિલ્લામાં ફરી વ્યાજખોરો માથું ઉંચકી રહ્યા છે. છેલ્લા એક સપ્તાહ દરમિયાન આવી બેથી ત્રણ ફરિયાદ નોંધાઈ છે. હાલ સુરતના પાસોદરામાં રહેતા મૂળ અમરેલીના ભરતભાઈ પરશોત્તમભાઈ કારેટીયા (ઉ.વ.૫૨)એ અમરેલી બ્રાહ્મણ સોસાયટીમાં રહેતા આશીષભાઈ જયંતીલાલ રાવલ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીએ તેમને વગર લાયસન્સે રૂ.૪,૫૦,૦૦૦ અઢી ટકાના વ્યાજ લેખે તેમજ રૂ.૨,૫૦,૦૦૦ જે બે ટકાના વ્યાજ લેખે મળી કુલ રૂ.૭,૦૦,૦૦૦ વ્યાજે આપી તેની સામે અવાર-નવાર રૂબરૂ અપશબ્દો બોલી તથા ફોનમાં પણ કડક ઉઘરાણી કરી હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ જે.એચ. મકવાણા વધુ તપાસ કરી રહ્યા છે.

પતિએ પત્નીને 'હું ગમે ત્યાં જાવ તારે મને નહીં પૂછવાનું' કહેતા લાગી આવ્યું

ધારીના વેકરીયાપરામાં બનાવ બન્યો

ધારી, તા.૧૯

ધારીમાં રહેતા એક મહિલાનો પતિ ઘરે મોડો આવતો હતો. જેથી તેણે પતિને કહ્યું હતું કે ક્યાં ગયા હતા. જેથી પતિને સારું નહોતું લાગ્યું અને હું ગમે ત્યાં જાવ તારે મને નહીં પૂછવાનું કહેતા લાગી આવતાં ઝેરી દવા પી લીધી હતી.

બનાવ અંગે પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેના પતિ ગામમાં જવાનું કહી ગામમાંથી મોડા ઘરે આવતા હતા. જેથી તેણે તેના પતિને ક્યાં ગયા હતા? તેમ પૂછ્યું હતું. પતિને સારૂં નહી લાગતા ઠપકો આપ્યો હતો કે હું ગમે ત્યાં જાવ તારે મને નહીં પૂછવાનું.

જેથી તેમને લાગી આવતા પોતે પોતાની મેળે ઘરે પડેલ ઝેરી દવા પી લીધી હતી.

ધારી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કુમારસિંહ કે. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

લાઠીના આંબરડી ગામે સર્વ રોગ નિદાન કેમ્પ યોજાયો

લાઠી, તા.૧૯

અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના આંબરડી આરોગ્ય કેન્દ્ર ખાતે આરોગ્ય વિભાગ દ્વારા જન સુખાકારી માટે અને લોકોને વિવિધ રોગોથી મુક્તિ મળે અને નિઃશુલ્ક તબીબી સેવા મળી રહે તેવા હેતુથી સર્વ રોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં લાઠી-બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયા દ્વારા મુલાકાત લેવામાં આવી હતી અને કેમ્પમાં લોકોને તમામ વ્યવસ્થાનો લાભ મળે તે માટે સૂચનાઓ આપવામાં આવી હતી. ઉપરાંત દર્દીઓ સાથે પણ મુલાકાત કરી હતી.

બાબરાના અમરાપરા ગામેથી ત્રણ મહિલા સહિત કુલ છ જુગારી ઝડપાયા

બાબરા, તા.૧૯

બાબરાના અમરાપરા મફત પ્લોટ વિસ્તારમાંથી પોલીસે જાહેરમાં જુગાર રમતાં છ ઈસમોને ઝડપી પાડ્યા હતા, જેમાં ત્રણ મહિલાઓ પણ હતી. પોલીસે રોકડા ૧૦,૮૬૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. દિલીપભાઈ વલ્લભભાઈ ચૌહાણ, સુરેશભાઈ દિનેશભાઈ વાળા તથા દિનેશભાઈ રતીભાઈ તન્ના અને ત્રણ મહિલાઓને જાહેરમાં પૈસાથી હાર-જીતનો જુગાર રમતાં રોકડા ૧૦,૮૬૦ના મુદ્દામાલ સાથે ઝડપી ધોરણસરની કાર્યવાહી કરવામાં આવી હતી. બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ આર. બી.પાનસુરીયા વધુ તપાસ કરી રહ્યા છે.

આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૦, તિથિઃ ચૌદસ
તા. ૨૦-૦૭-૨૦૨૪, શનિવાર, સૂર્યોદય-૦૫:૩૫,
સૂર્યાસ્ત-૦૭:૧૮, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્રઃ પૂર્વાષાઢા

દૈનિક રાશિફળ

તા.૨૦-૦૭-૨૦૨૪ શનિવાર

મેષઃ આજનો દિવસ તમારા માટે સુખદ રહેશે કેમ કે આજે તમે વિચારેલા કાર્ય પૂર્ણ થઈ શકે છે. નોકરીમાં ઉચ્ચ પદની પ્રાપ્તિની સંભાવના રહેલી છે.

વૃષભઃ સારા પરિણામ મળવાથી થાકનો અનુભવ નહીં થાય. સંતાન સુખમાં વૃદ્ધિ થશે અને ક્યાંકથી વસ્ત્રાદીની ભેટ મળશે.

મિથુનઃ આજનો તમારો દિવસ મિશ્ર ફળદાયક છે. પ્રત્યેક મામલામાં મિશ્ર પરિણામો મળશે. સંપત્તિના સુધાર તથા સારસંભાળમાં ખર્ચ વધશે.

કર્કઃ આજે ગ્રહોની દશા તમારા દિવસને અનુકૂળ બનાવી રહી છે. સુખ-સંપત્તિમાં વિસ્તાર થશે. પરિવારમાં સુખ-શાંતિનું વાતાવરણ રહેશે.

સિંહઃ આજે કાર્યક્ષેત્રમાં વધારાની જવાબદારી અને ધાર્મિક કાર્યોમાં વ્યસ્તતા વધશે. સંપત્તિનો વિસ્તાર થશે અને આવકમાં વૃદ્ધિ થશે.

કન્યાઃ આજનો દિવસ તમારા કાર્યક્ષેત્રમાં મુશ્કેલી ભરેલો હોઈ શકે છે. કોઈ ગેરસમજના કારણે ઓફિસમાં સહયોગીઓ સાથે વિવાદ થઈ શકે છે.

તુલાઃ ગ્રહોની સ્થિતિથી ખ્યાલ આવી રહ્યો છે કે આજનો દિવસ કાર્યક્ષેત્રમાં ઘણો વ્યસ્તતા ભરેલો રહેશે. આવકમાં વૃદ્ધિ થશે.

વૃશ્ચિકઃ આજનો દિવસ તમારા માટે ઘણો કઠીન રહેશે. પ્રત્યેક કામમાં પડકારો અને અડચણો આવી શકે છે. અકસ્માતે બિનજરૂરી ખર્ચ વધી શકે છે.

ધનઃ આજે ગ્રહો જણાવી રહ્યા છે કે આજે તમારા ઘરમાં કોઈ શુભ કાર્યના આયોજનથી મનમાં પ્રસન્નતા અને વ્યસ્તતા રહેશે.

મકરઃ આજે તમારા ભાગ્યનો ઉદય, ધન, કિર્તિની વૃદ્ધિ, શત્રુ ચિંતાઓનું દમન થશે. સર્વત્ર વિજય, મનોરથ સિદ્ધ થવાથી પ્રસન્નતા રહેશે.

કુંભઃ આજનો દિવસ તમારા માટે દૈવી કૃપાવાળો બની શકે છે. માતાનું સાનિધ્ય અને આશિર્વાદ ખાસ રીતે ફળદાયી રહેશે.

મીનઃ આજનો દિવસ શુભ રહેશે. નોકરીમાં ઉચ્ચ પદની પ્રાપ્તિનો યોગ બની શકે છે. સંતાન તરફથી સુખદ સમાચાર મળશે.

અમરેલીમાં કિશોર સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય કરવામાં આવતા પોલીસ ફરિયાદ

ગાળો આપીને બે લાફા પણ માર્યા

અમરેલી, તા.૧૯

અમરેલી સિટીમાં એક ચોંકાવનારી ઘટના બની છે. એક કિશોર પાસે યુવકે મુખમૈથુન કરાવ્યું હતું અને બાદમાં સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્યુ કર્યુ હતું. ઉપરાંત ગાળો બોલીને બે લાફા પણ માર્યા હતા. ભરતભાઈ પ્રાગજીભાઈ મકવાણા સામે ભોગ બનનાર કિશોરે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તે આરોપી સાથે આશરે બે વર્ષ પહેલા રહેતો હતો તે દરમિયાન આરોપીએ તેની વિકૃત કામવાસના સંતોષવા માટે અવારનવાર બળજબરીથી મુખમૈથુન કરાવી સૃષ્ટિ વિરૂદ્ધનું કૃત્ય કર્યુ હતું. જે અંગે તેણે આરોપીના પત્નીને વાત કરતાં જેમ ફાવે તેમ ગાળો આપી બે લાફા મારી પોતાના ઘરેથી ધક્કા મારી બહાર કાઢી મુક્યો હતો. જે બાદ આરોપીએ તેને સમજાવી ફરીવાર ઘરે પાછો લઈ જઈ આશરે એકાદ વર્ષ સુધી સૃષ્ટિ વિરૂદ્ધનું કૃત્ય આચરી બન્ને જણાએ તેને ઘરેથી કાઢી મુકવાની તથા ખોટા કેસોમાં ફીટ કરી દેવાની ધમકીઓ આપી હતી.

અમરેલી સિટી પોલીસ સ્ટેશનના પી.આઈ. એ.એમ. પરમાર વધુ તપાસ કરી રહ્યા છે.

લાઠીમાં રસોઈ ગરમ કરવામાં મોડું થતાં પતિએ પત્નીને મુંઢમાર માર્યો

લાઠી, તા.૧૯

લાઠીમાં રહેતી એક પ્રૌઢ મહિલાને રસોઈ ગરમ કરવામાં મોડું થતા તેના પતિએ દારૂના નશામાં મુંઢમાર માર્યો હતો. બનાવ અંગે પાર્વતીબેન લક્ષ્મણભાઈ બઢીયા (ઉ.વ.૭૦) એ લક્ષ્મણભાઈ લાલજીભાઈ બઢીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમને ઘરે રસોઈ ગરમ કરવામાં મોડું થતાં પતિએ દારૂ પીધેલી હાલતમાં જેમ ફાવે તેમ ગાળો આપી મુંઢમાર માર્યો હતો. લાઠી પોલીસ સ્ટેશનના એએસઆઈ ડી.વી.સરવૈયા વધુ તપાસ કરી રહ્યા છે.

'તારે મઢમાં નહીં આવવાનું કહી' યુવકને ગાળો આપી

અમરેલી, તા.૧૯

અમરેલીમાં રહેતા યુવકને તારે મઢમાં આવવાનું નહીં કહી ગાળો બોલીને ફટકારવામાં આવ્યો હતો. બનાવ સંદર્ભે સાગરભાઈ મનસુખભાઈ અદગામા (ઉ.વ.૩૦)એ ભુપતભાઈ કનુભાઈ અદગામા, રાજુભાઈ ભુપતભાઈ અદગામા, સુરેશભાઈ ભુપતભાઈ અદગામા, રસિકભાઈ મધુભાઈ અદગામા તથા મનીષભાઈ મધુભાઈ અદગામા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ માતાજીના મઢે ગયા ત્યારે ભુપતભાઈ આગમાએ કહ્યું કે તારે મઢમાં આવવાનું નહીં. તેમજ અન્ય આરોપીએ હાથમાં રહેલી લાકડીના ત્રણેક ઘા માર્યા હતા. ઉપરાંત છાતી ઉપર ચાલીને ઘુસતા મારી, ગાલ ઉપર લપાટ મારી હતી. ઉપરાંત ધક્કો મારી પછાડી દઈ તમામે જેમ-ફાવે તેમ ગાળો બોલી હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ એન.બી.ગોહિલ વધુ તપાસ કરી રહ્યા છે.

અમરેલી જિલ્લામાં બે મહિલા સહિત કુલ ત્રણ લોકોનો આપઘાત

ફિફાદ ગામે પતિ સાથે બોલાચાલી બાદ પત્નીએ કપાસમાં છાંટવાની દવા પીધી

અમરેલી, તા.૧૯

અમરેલી જિલ્લામાં વિવિધ કારણોસર ત્રણ લોકોએ આપઘાત કર્યો હતો. પ્રથમ બનાવ અંગે ફીફાદમાં રહેતા સુરેશભાઈ દેવશીભાઈ ધોળકીયા (ઉ.વ.૩૧)એ જાહેર કર્યા મુજબ, તેઓ તેમના પત્ની સોનલ (ઉ.વ.૩૦) તથા બાળકો સાથે મોહરમના તાજીયા જુલૂસ જોવા માટે ગામમાં ગયા હતા. તે વખતે તેઓના બાળકોએ રમકડા લેવાની જીદ કરતા બે ત્રણ રમકડા લઈ આપ્યા હતા. તેમ છતાં પત્નીએ વધુ રમકડા લેવા માટે પૈસાની માંગણી કરતા તેમણે પૈસા નહીં આપતા બંને વચ્ચે બોલાચાલી થઈ હતી. જેથી પત્નીને સારૂં નહી લાગતા પોતાની મેળે કપાસમાં છાંટવાની ઝેરી દવા પી લેતાં મરણ પામી હતી. આપઘાતના બીજા બનાવ અંગે ચલાલામાં રહેતા અજયભાઈ રમેશભાઈ પરમાર (ઉ.વ.૨૨)એ જાહેર કર્યા મુજબ, તેમના બહેન સ્નેહા (ઉ.વ.૨૦)એ અગમ્ય કારણોસર ઘરે પંખા સાથે સાડી બાંધી પોતાની મેળે ગળાફાંસો ખાઈ લીધો હતો. ત્રીજા બનાવમાં મૂળ મહીસાગરના સંતરામપુરના કોતરા ગામના અને હાલ સાવરકુંડલા-ભુવા રોડ પર વાસુદેવ કોટન જીનમાં રહેતા રંજનાબેન તુલરાજભાઈ પરમારએ જાહેર કર્યા મુજબ, તુલરાજભાઈ જસવંતભાઈ પરમારે તેમના માતા પાસે વાપરવા રૂપિયા માંગ્યા હતા અને કામ ધંધો બરાબર ચાલતો ન હોવાથી બેચેન રહેતા હતા. જેથી લાગી આવતાં પંખા સાથે લટકી ગળાફાંસો ખાઈ લીધો હતો.

તંત્રી લેખ

રેલ દુર્ઘટના અટકાવનારી સિસ્ટમ "કવચ"

રેલ અકસ્માત અટકાવવા માટે ખાસ પ્રકારની સિસ્ટમ ડેવલપ કરવામાં આવી છે જેને કવચ સિસ્ટમ કહેવામાં આવે છે. અનેક સંશોધનો પછી રેલવેની સેફ્ટીને ફૂલપ્રૂફ બનાવવામાં આવી. આ સિસ્ટમનો અમલ કરતા પહેલા તેના પર અનેક પ્રયોગો કરવામાં આવેલા અને તે પ્રયોગમાં આ સિસ્ટમ સો ટકા સારી હોવાનું જણાયું. આ સિસ્ટમમાં રેલવેના વિવિધ ટેકનીકલ પાસાઓને ધ્યાનમાં રાખીને તેની રચના કરવામાં આવી ખાસ કરીને ગાડી જ્યારે ટ્રેક બદલે ત્યારથી માંડીને તેની સિગ્નલ સિસ્ટમમાં કોઈ જાતનો ફોલ્ટ ઊભો થાય તો તે માટેના સચોટ ઉપાયો આ સિસ્ટમમાં દર્શાવવામાં આવેલા છે છતાં ટ્રેનો સામસામે ભટકાય છે, ટ્રેક પરથી ઉતરી જાય છે અને અકસ્માતો થાય છે. હવે રેલવે મંત્રાલયે જોવું જોઈએ કે જે કવચ સિસ્ટમ ડેવલપ કરવામાં આવી છે તેની અંદર કોઈ ગુણદોષ હોય તો તેને દૂર કરવા માટે શું કરવું જોઈએ તેને માટે રેલ મંત્રાલયના નિષ્ણાંતોએ જે ફોલ્ટ છે તે દૂર કરવા માટે પ્રયાસો કરવા જોઈએ જેથી કરીને રેલ અકસ્માતના પ્રમાણમાં ઘટાડો થાય. ઉત્તર પ્રદેશના ગોંડામાં ગત સપ્તાહે ટ્રેન અકસ્માત થયો હતો. પ્રાપ્ત વિગતો અનુસાર ચંદીગઢથી દિબ્રુગઢ જઈ રહેલી દિબ્રુગઢ એક્સપ્રેસના કોચ પાટા પરથી ઉતરી ગયા હતા. આ દુર્ઘટનામાં અત્યાર સુધીમાં ૧૦ થી ૧૨ કોચ પાટા પરથી ઉતરી ગયા હતા. પરંતુ પ્રશ્ન એ છે કે અકસ્માતો સામે રક્ષણ આપતી 'કવચ' સિસ્ટમ આ અકસ્માત દરમિયાન કેમ કામ નથી કરી રહી. દરેક રેલવે દુર્ઘટના બાદ ચર્ચામાં આવતી કવચ સિસ્ટમ છે શું ? ચાલો તેના વિશે જાણીએ. દેશમાં છેલ્લા કેટલાક મહિનામાં રેલવે અકસ્માતોની સંખ્યામાં વધારો થયો છે. આજે ઉત્તર પ્રદેશના ગોંડામાં દિબ્રુગઢ એક્સપ્રેસ અકસ્માત ઉપરાંત એક મહિના પહેલા ૧૭ જૂનની સવારે પશ્ચિમ બંગાળના જલપાઈગુડીમાં ટ્રેન દુર્ઘટના સર્જાઈ હતી. હવે સવાલ એ છે કે આ અકસ્માતો દરમિયાન ભારતીય રેલવેની કવચ વ્યવસ્થા કેમ કામ નથી કરી રહી. ભારતીય રેલવે દ્વારા ટ્રેન અકસ્માતોને રોકવા માટે રિસર્ચ ડિઝાઇન એન્ડ સ્ટાન્ડર્ડ ઓર્ગેનાઇઝેશનએ ઓટોમેટિક ટ્રેન પ્રોટેક્શન સિસ્ટમ બનાવી. જેને કવચ સિસ્ટમ નામ આપવામાં આવ્યું હતું. આ કવચ સિસ્ટમ પર વર્ષ ૨૦૧૨થી કામ શરૂ કરવામાં આવ્યું હતું. તેની પ્રથમ ટ્રાયલ વર્ષ ૨૦૧૬માં કરવામાં આવી હતી તેને સમગ્ર ભારતમાં સ્થાપિત કરવા માટે આયોજન કરવામાં આવી રહ્યું છે. કવચ સિસ્ટમ એ ઈલેક્ટ્રોનિક ઉપકરણોનો એક સેટ છે જે ટ્રેન અકસ્માતોને અટકાવે છે. જેમાં ટ્રેન, રેલવે ટ્રેક, રેલવે સિગ્નલ સિસ્ટમ અને દરેક સ્ટેશન પર એક કિલોમીટરના અંતરે રેડિયો ફ્રીક્વન્સી આઈડેન્ટિફિકેશન ડિવાઈસ લગાવવામાં આવે છે. સિસ્ટમમાં બધું અલ્ટ્રા હાઈ રેડિયો ફ્રીક્વન્સી દ્વારા કામ કરે છે. કઈ રીતે કામ કરે છે કવચ સિસ્ટમ? એવો સવાલ દરેકના મનમાં થાય સાથોસાથ એવો પણ વિચાર આવે કે સિસ્ટમ શ્રેષ્ઠ હોવા છતાં અકસ્માતોમાં શા માટે ઘટાડો થતો નથી. આ કવચ સિસ્ટમમાં જો કોઈ ટ્રેનમાં ડ્રાઈવર સિગ્નલ તોડીને આગળ નીકળી જાય છે તો આ બાદ કવચ સિસ્ટમ ઓટોમેટિક સક્રિય થઈ જાય છે. કવચ સિસ્ટમ તેના સક્રિય થયા પછી તરત જ ટ્રેન પાઈલટને ચેતવણી આપે છે. આ પછી કવચ સિસ્ટમ આપમેળે ટ્રેનની બ્રેકને નિયંત્રિત કરે છે. આ દરમિયાન કવચ સિસ્ટમને ખબર પડે કે પાટા પર સામેથી ટ્રેન આવી રહી છે તો તે ઓટોમેટિકલી સામેની ટ્રેનને રોકે છે.

ટૂંક સમયમાં નવી ટેકનોલોજી આવતા આધાર કાર્ડ અર્થહીન બની જશે

પ્રાસંગિક

સુરેશ દેસાઈ

અત્યારે માનવીની ઓળખ બનેલું આધાર કાર્ડ જીવનમાં સર્વોચ્ચ સ્થાન ભોગવે છે. શાકભાજી લેવા જવું હોય કે બેંકમાંથી પૈસા ઉપાડવા હોય તો તેને માટે આધાર કાર્ડ તેના પાયામાં હશે કારણ કે ઓનલાઈન કોઈપણ પ્રવૃત્તિ માટે તેના પાયો આધાર કાર્ડ છે. પરંતુ આધાર કાર્ડનો આધાર જ ટૂંક સમયમાં અલોપ થઈ જાય તેવું બની શકે ખરું તેનું કારણ એ કે હવે ,''ફેશિયલ રેકગ્નિશન ટેક્નિક'' કાર્યાન્વિત કરવામાં આવી રહી છે. બેંકથી માંડીને એરપોર્ટ સુધી અને એરપોર્ટથી માંડી રેલવે સ્ટેશન સુધી આ નવી સિસ્ટમ ધીમે ધીમે કાર્યરત કરવામાં આવી રહી છે જેને કારણે આ પ્રક્રિયાથી લોકોને લાંબી લાંબી લાઈનોમાં ઊભા રહેવામાંથી મુક્તિ મળશે અને ટિકિટબારી પાસે જઈને ઓળખપત્ર આધાર કાર્ડ કે પાનકાર્ડ દેખાડવાની જરૂર પણ નહીં પડે. સમજો કે આ નવી ટેકનોલોજી વ્યક્તિ સામે આવીને ઊભો રહે એટલે એના ચહેરા પરથી જ તેની ઓળખ ઓટોમેટીક રીતે કરશે. ટેકનિકલ ભાષામાં કહેવું હોય તો એમ કહી શકાય કે ચહેરાની બાયોમેટ્રિક ઓળખની પ્રણાલીનું આ એક નવું સંશોધન છે. આજે વિશ્વના સિંગાપોર, દુબઈ એરપોર્ટ, એટલાન્ટા સહિતના એરપોર્ટ પર આ નવી સિસ્ટમ કાર્ય કરી રહી છે. ભારતે પણ દિલ્હી, બેંગ્લોર, વારાણસી એરપોર્ટ પર પ્રયોગાત્મક રીતે આ સિસ્ટમનો અમલ શરૂ કરી દીધો છે હવે હૈદરાબાદ, પુણે, વિજયવાડા અને કોલકત્તાના એરપોર્ટ પર આ નવી સિસ્ટમનો અમલ શરૂ થઈ જશે. માની લો કે તમે પ્લેનમાં સફર કરવાના છો તો તમારે તમારા પોતાના મોબાઈલની અંદર બીજી યાત્રા નામની એપ્લિકેશન ડાઉનલોડ કરીને તેના પર આધાર કાર્ડ નંબરની ઓળખ ઈન્સ્ટોલ કરવાની રહેશે સાથે પોતાની એક સેલ્ફી અપલોડ કરવી પડશે. આગળના ખાનામાં પોતાના પ્રવાસની વિગતો પણ નાખવી પડશે અને એક વખત બીજી યાત્રા એપ પર ઓળખ વેરીફાઈ થઈ ગયા પછી એરપોર્ટના સ્કેનર પર એ જ ચહેરો બોર્ડિંગ પાસ તરીકે પણ કામ કરશે અને સિક્યુરિટી સહિતની પ્રક્રિયા ઝડપભેર પૂરી થઈ જશે આનાથી સમય શક્તિમાં બચાવ થશે અને તમામ સ્થળોએ લાંબી લાઈનો ભૂતકાળ બની જશે. આ ટેક્નિક પણ એઆઈ (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) અને મશીન લર્નિંગથી બળકટ બની છે. એનાથી હાઈ એક્યુરસી અને પ્રોસેસ ટાઈમ ઝડપી બને છે. ફેશિયલ રેકગ્નિશનનું વૈશ્વિક બજાર ૨૦૨૭ સુધી ૧૨.૯૨ અબજ ડૉલરે પહોંચવાની ધારણા છે. રિટેઈલ, ટ્રાન્સ્પોર્ટેશન, હૉસ્પિટાલિટી અને બૅન્કિંગ ક્ષેત્રે ફેશિયલ રેકગ્નિશનના વ્યાપક ઉપયોગની સંભાવના છે. કૉર્પોરેટ જગતમાં કર્મચારીની ઓળખ સ્થાપિત કરવા ફિંગરપ્રિન્ટ અને ફિંગરવેઈન્સ રેકગ્નિશન બહુ સામાન્ય ગણાય છે. કર્મચારી નાનકડા સ્ટૅનર પર આંગળી મૂકીને પોતાની રોજની હાજરી પુરાવે છે. અગાઉ ક્રેડિટ કાર્ડ જેવાં આઈ કાર્ડ પંચ કરીને એટેન્ડન્સ નોંધાવાતી હતી, પણ ક્યારેક એક કર્મચારી બીજા કોઈ કર્મચારીને પોતાનું કાર્ડ આપીને ગેરહાજર હોવા છતાં હાજરી નોંધાવી દે એવી છેતરપિંડી થતી. ફિંગરપ્રિન્ટ ટેક્નિકની મર્યાદા એ કે એમાં સ્ટૅનર સાથે આંગળી ટચ કરવી પડે છે. આંગળી પર સૂક્ષ્મ રજકણો ચોંટી હોય કે કંઈ ઈજા થઈ હોય તો સ્કેનિંગ થતું નથી. આ જોખમ ચાતરી જવા માટે આઈરિસ (આંખનો પડદો) રેકગ્નિશન ટેક્નિક પણ આવી. ફિંગરપ્રિન્ટમાં ૪૦ જેટલા પેરામીટર્સની નોંધણી એક વ્યક્તિને બીજી વ્યક્તિથી જુદી પાડે છે તો આઇરિસ અથવા આંખના પડદાની પૅટર્ન સ્કેન કરીને એને જુદાં જુદાં ૨૬૬ પરિમાણોથી નોંધવામાં આવે છે. બીજી તરફ, ફેશિયલ રેકગ્નિશનમાં વ્યક્તિનો ફોટો કે વીડિયો લઈને ચોક્કસ પ્રકારના સૉફ્ટવેરમાં નાખવામાં આવે છે. આ સૉફ્ટવેર મુખાકૃતિની વિશેષતાઓ (લૅન્ડમાર્ક અથવા તો નોડલ પૉઈન્ટ્સ) તૈયાર કરે છે. બે આંખ વચ્ચેનું અંતર, નાકની સાઈઝ, કપાળથી ચિબુક સુધીનું અંતર જેવા અનેક માપદંડો ફટાફટ નોંધાઈ જાય છે. આવા સૉફ્ટવેર ૮૦ જેટલા માપદંડોથી ચહેરાને ચકાસીને એનો ડિજિટલ ડેટા તૈયાર કરે છે. સમજો કે એક મેથેમેટિકલ કોષ્ટક તૈયાર થાય છે, જે તમારા ચહેરાનો હસ્તાક્ષર છે. ડિજિટલ ડેટા તૈયાર કરે છે. સમજો કે એક મેથેમેટિકલ કોષ્ટક તૈયાર થાય છે, જે તમારા ચહેરાનો હસ્તાક્ષર છે. ૧૯૯૦માં અમેરિકાની ધ યુએસ ડિફેન્સ રિસર્ચ પ્રોજેક્ટ્સ એજન્સી તથા ધ નૅશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ સ્ટાન્ડર્ડ્સ ઍન્ડ ટેક્નોલૉજીએ થોડો ચઢિયાતો ફેસ રેકગ્નિશન પ્રોગ્રામ ઘડી કાઢ્યો, એમાં આગળ જતાં ઘણા સુધારા-વધારા થયા. ૨૦૦૨ની અમેરિકાની સુપર બાઉલ સ્પર્ધામાં આ ટેક્નોલૉજીનો ઉપયોગ કરવામાં આવ્યો. સ્ટૅડિયમના પ્રવેશદ્વાર પર જ કૅમેરા લગાડવામાં આવ્યો હતો. પ્રેક્ષકોના ચહેરા આ કૅમેરાએ સ્કેન કર્યા અને પછી ગુનેગારોના ડેટા બેઝ સાથે એને સરખાવવામાં આવતાં જણાયું કે કેટલાય ચોર, ધાડપાડુ, પાકીટમાર વગેરે મૅચ જોવા પધાર્યા હતા! જો કે આ પ્રયોગમાં અમુક ખોટાં પરિણામ પણ મળ્યાં. વર્ષ ૨૦૧૦ સુધીમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ)નું ચલણ વધતાં ફેસ રેકગ્નિશન ટેક્નિક વધુ સચોટ બનતી ગઈ. ૨૦૧૪માં એ સેફ્ટી અને સિક્યોરિટીનું અવિભાજ્ય અંગ બની ગઈ. નાના ગુનેગારોને ઓળખવા તથા લાપતા લોકોને શોધી કાઢવામાં સારી મદદ મળી. અમેરિકામાં તો જાહેર સ્થળોએ લાગેલા હાઈ રિઝોલ્યુશન કૅમેરા આ ટેક્નોલૉજી વડે વિઝાની મુદત પૂરી થયે પાછા ન ગયેલા લોકોને સુદ્ધાં ઓળખી બતાડે છે. ચીનમાં પણ આ ટેક્નોલૉજીનો વ્યાપક ઉપયોગ થાય છે. ચીનમાં ગાડી ચલાવતી વખતે આડીઅવળી નજર નાખનારા લોકોને ફેશિયલ રેકગ્નિશન ટેક્નિકથી પકડી પાડીને એમને દંડ ફટકારવામાં આવે છે. એક ચીની અભિનેત્રીએ ગાડી ચલાવતી વખતે જુદી દિશામાં જોયું તો રસ્તા પરના કૅમેરાએ એની તસવીર ઝડપીને ટ્રાફિક ડિપાર્ટમેન્ટને સૂચના આપી તો એને દંડ થયેલો. હવે તો ઑટોમોબાઈલ સેક્ટર ફેસ રેકગ્નિશનને કારની ચાવી તરીકે વાપરવાના અખતરા કરી રહ્યું છે.

દરેક ટેક્નોલૉજીના સારા-નરસા પાસા હોય એમ ફેશિયલ રેકગ્નિશન ટેકનોલોજીના પણ ગેરલાભ છે સૌથી મોટો ગેરલાભ એ છે કે કોઈપણ વ્યક્તિના ચહેરાનો ફોટો પાડીને તેની તમામ વિગતો વાયરલ આનાથી થઈ શકે છે આનાથી વ્યક્તિની અંગત પ્રાઈવેસી જેવું રહેશે નહીં આ એક સૌથી મોટો ગેરફાયદો છે આને કારણે સાયબર ક્રાઈમમાં જબરજસ્ત વધારો થાય તેવી પણ એક શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. આ ટેકનીકના પણ કેટલાક ગેરલાભ છે. ખાસ તો વ્યક્તિની મંજૂરી વિના એના ચહેરાએ આપેલા ડેટાનો દુરુપયોગ થવાની શક્યતા છે. ચાર વર્ષ પહેલાંના અહેવાલ પ્રમાણે ૧૧ કરોડ ૭૦ લાખ અમેરિકનોના ચહેરાને ફેશિયલ રેકગ્નિશન માટે એમની જાણ બહાર સ્કેન કરીને ડેટા એકઠો કરી લેવામાં આવ્યો હતો. વિચાર કરો, અત્યાર સુધીમાં કેટલા લોકોના અંગત ડેટા કોઈ કમ્પ્યુટર કે સર્વરમાં જમા થઈ ગયા હશે. આ જ કારણે અમુક શહેરોમાં એના ઉપયોગ પર પ્રતિબંધ મુકાઈ ગયો છે. આજે અમુક ઍપ તમને કોઈના અજાણ્યા ફોન નંબર પાછળનું નામ છતું કરી દે છે એ રીતે ફેશિયલ રેકગ્નિશનની ઍપ પણ આવી ગઈ છે. તમે કોઈ રાહદારીનો એની જાણ બહાર ફોટો કે વીડિયો લઈને ઍપમાં નાખી દો તો એ વ્યક્તિ કોણ છે એની ઓળખ છતી થઈ જાય છે. આ ટેક્નિકના પણ કેટલાક ગેરલાભ છે.

भारत सरकार
GOVERNMENT OF INDIA
आधार - आम आदमी का अधिकार

વિજ્ઞાન અને ટેકનોલોજીના વિકાસની સાથે આપણે એક એવા યુગમાં પ્રવેશી રહ્યા છીએ જ્યાં તમામ વસ્તુઓ ઓનલાઇન હશે માત્ર માનવીનું પંચમહાભૂતનું બનેલું શરીર જ ઓફલાઈન રહી જશે પરંતુ તેનો ચહેરો એની સાચી ઓળખ બની જશે

માર્કેટયાર્ડના ભાવ

રાજકોટ		
કપાસ બી.ટી.	૧૫૦૫	૧૫૮૬
ઘઉં લોકવન	૫૨૧	૫૫૧
ઘઉં ટુકડા	૫૧૭	૫૬૫
જુવાર સફેદ	૭૯૫	૮૬૩
જુવાર પીળી	૪૩૦	૪૭૫
બાજરી	૩૯૦	૪૮૦
તુવેર	૧૬૭૦	૨૩૮૦
ચણા પીળા	૧૧૫૧	૧૩૨૦
ચણા સફેદ	૧૫૪૧	૨૫૫૨
અડદ	૧૬૦૧	૧૯૦૮
મગ	૧૪૦૦	૧૬૭૦
ચોળી	૨૪૦૦	૨૪૦૦
વટાણા	૭૦૧	૧૯૫૫
સીંગદાણા	૧૬૫૦	૧૮૦૦
મગફળી જાડી	૧૧૨૦	૧૩૧૦
મગફળી જીણી	૧૧૦૦	૧૨૩૭
અળશી	૮૦૧	૮૦૧
તલી	૨૧૦૦	૨૪૮૪
સુરજમુખી	૫૪૦	૫૪૦
એરંડા	૧૦૮૭	૧૧૯૦
અજમો	૧૩૦૧	૨૩૭૦
સોયાબીન	૮૦૦	૮૬૩
સીંગફાડા	૧૧૦૦	૧૫૫૦
કાળા તલ	૨૯૮૦	૩૩૧૦
લસણ	૨૦૫૦	૩૨૧૫
ધાણા	૧૦૦૧	૧૪૪૦
વરીયાળી	૧૧૦૦	૧૪૩૦
જીરૂ	૪૪૦૦	૫૨૦૨
રાય	૧૦૬૦	૧૨૬૦
મેથી	૯૫૦	૧૩૦૦
અશેરીયો	૧૮૫૧	૧૮૫૧
રાયડો	૯૪૦	૧૦૫૦
રજકાનું બી	૪૦૦૦	૫૫૨૦
ગુવારનું બી	૧૦૧૨	૧૦૫૦
રાજકોટ (શાકભાજી)		
લીંબુ	૫૦૦	૧૦૦૦
બટેટા	૩૦૦	૬૧૧
ડુંગળી સુકી	૨૧૦	૬૦૫
ટમેટા	૧૨૦૦	૧૫૦૦
સુરણ	૧૦૦૦	૧૫૦૦
કોથમરી	૧૦૦૦	૧૨૦૦
રીંગણા	૬૦	૩૫૦
કોબીજ	૫૦૦	૭૦૦
ફ્લાવર	૪૦૦	૬૦૦
ભીંડો	૫૫૦	૮૦૦
ગુવાર	૭૦૦	૧૨૦૦
ચોળાસીંગ	૫૦૦	૧૦૦૦
વાલોળ	૧૧૦૦	૧૫૦૦
ટીંડોરા	૩૦૦	૭૦૦
દુધી	૧૫૦	૩૦૦
કારેલા	૩૦૦	૬૦૦
સરગવો	૮૦૦	૧૫૦૦
તુરીયા	૫૦૦	૮૦૦
પરવર	૮૦૦	૧૨૦૦
કાકડી	૪૦૦	૭૫૦
ગાજર	૨૫૦	૫૦૦
ગલકા	૧૫૦	૩૮૦
બીટ	૨૮૦	૫૧૦
મેથી	૬૦૦	૮૦૦
ડુંગળી લીલી	૫૦૦	૮૦૦
આદુ	૧૪૦૦	૨૦૫૦
મરચા લીલા	૬૦૦	૧૦૦૦
મગફળી લીલી	૮૦૦	૧૩૦૦
મકાઇ લીલી	૩૫૦	૫૦૦
અમરેલી		
શિંગ મઠડી	૧૦૯૮	૧૨૩૮
શિંગ મોટી	૧૧૦૫	૧૨૯૧
શિંગદાણા	૧૩૦૦	૧૬૫૦
શિંગ ફાડા	૧૧૦૦	૧૫૭૧
તલ સફેદ	૧૯૪૫	૨૬૩૨
તલ કાળા	૨૬૩૫	૩૩૭૪
તલ કાશ્મીરી	૩૪૯૦	૩૪૯૦
જુવાર	૪૪૨	૮૧૯
ઘઉં ટુકડા	૪૫૭	૫૯૩
ઘઉં લોકવન	૪૫૪	૫૮૦
મગ	૧૪૦૦	૧૫૩૯
ચણા	૧૧૩૦	૧૨૮૮
કપાસ	૮૨૨	૧૫૮૫
એરંડા	૧૧૬૦	૧૧૬૦
જીરું	૩૦૦૦	૫૨૦૫
રાયડો	૯૭૨	૯૭૨
ધાણા	૯૦૦	૧૩૪૦
મેથી	૮૦૦	૧૧૧૫
સોયાબીન	૭૯૯	૮૪૩
અમરેલી (શાકભાજી)		
બટેટા	૩૪૦	૫૪૦
રીંગણાં	૧૦૦	૨૫૦
ફુલાવર	૧૦૦૦	૧૧૦૦
કોબીજ	૫૦૦	૬૦૦
ટામેટા	૧૫૦૦	૧૭૦૦
સુરણ	૧૪૦૦	૧૬૦૦
ગાજર	૪૦૦	૫૦૦
દૂધી	૧૦૦	૧૫૦
કરેલા	૪૦૦	૫૦૦
ગલકા	૨૦૦	૨૫૦
કાકડી	૨૦૦	૩૦૦
ગુવાર	૧૨૦૦	૧૪૦૦
ચોળાશીંગ	૭૦૦	૮૦૦
તુરીયા	૪૦૦	૫૦૦
ભીંડો	૫૦૦	૬૦૦
આદુ	૧૫૦૦	૧૭૦૦
કોથમીર	૯૦૦	૧૦૦૦
મેથીભાજી	૭૦૦	૮૦૦
ફુદીનો	૭૦૦	૮૦૦
ટીંડોરા	૮૦૦	૯૦૦
બીટ	૪૦૦	૫૦૦
લીમડો મીઠો	૧૩૦	૧૯૦
મરચા લીલા	૧૦૦૦	૧૨૦૦
ડુંગળી સૂકી	૪૦૦	૫૨૦
લસણ સૂકું	૨૦૦૦	૪૦૦૦
મકાઈ	૩૦૦	૪૦૦
લીંબુ	૫૦૦	૬૦૦
પાલક	૭૦૦	૮૦૦
સાવરકુંડલા		
શીંગ જીણી	૧૧૦૦	૧૧૯૧
શીંગ મોટી	૧૧૫૧	૧૨૩૦
શીંગ દાણા	૧૫૫૧	૧૭૧૧
તલ સફેદ	૨૨૭૦	૨૫૦૦
જીરૂ	૪૬૫૦	૫૧૭૨
કપાસ	૧૨૪૫	૧૫૮૬
ઘઉં લોકવન	૪૬૦	૫૩૦
ઘઉં ટુકડા	૪૮૦	૫૬૦
બાજરો	૩૫૦	૪૫૦
જુવાર	૭૦૦	૮૦૨
મગ	૧૪૦૦	૧૫૬૦
ચણા	૧૧૦૦	૧૨૫૦
તુવેર	૨૦૦૦	૨૨૦૦
એરડી	૧૦૦૦	૧૧૮૦
મેથી	૧૧૦૦	૧૨૫૦
સોયાબીન	૭૦૦	૮૪૦
વાલ	૧૯૦૦	---
બાબરા		
કપાસ	૧૩૩૦	૧૫૬૦
મગફળી	૧૦૬૫	૧૧૫૫
જીરૂ	૪૬૭૦	૫૦૦૦
ઘઉં	૪૮૦	૫૬૦
તલ સફેદ	૨૨૮૯	૨૪૬૧
ધારી		
ઘઉં	૪૯૧	૪૯૧
ચણા	૧૨૫૧	૧૨૫૧
ધાણા	૧૨૨૫	૧૨૨૫
સોયાબીન	૮૨૦	૮૨૯
રાજુલા		
તલ સફેદ	૨૨૦૧	૨૫૩૧
કપાસ	૯૦૦	૧૬૦૦
બાજરો	૪૨૪	૪૨૪
જુવાર	૮૧૫	૮૫૫
ચણા	૧૦૦૦	૧૧૭૦
એરંડી	૧૦૭૨	૧૦૭૨
સોયાબીન	૮૨૦	૮૨૦
બગસરા		
કપાસ	૧૧૦૦	૧૪૬૫
ચણા	૧૫૦૦	૧૨૦૦
ઘઉં લોકવન	૪૫૦	૪૯૩
તુવેર	૧૪૦૦	૧૫૦૦
સોયાબીન	૮૦૦	૮૧૯
તલ સફેદ	૨૩૭૫	૨૪૧૧
મગફળી	૧૧૦૦	૧૧૨૦
મહુવા		
શીંગ મગડી	૧૦૯૦	૧૨૪૦
શીંગ દેશી	૯૪૦	૧૧૯૬
શીંગ જી-૨૦	૯૦૦	૧૨૪૩
એરંડા	૧૦૨૭	૧૦૨૭
જુવાર	૪૬૬	૯૩૩
બાજરી	૪૧૦	૫૩૧
ઘંઉ ટુકડા	૪૪૦	૬૪૧
મગ	૧૪૨૮	૧૫૦૦
ચણા	૧૦૯૬	૧૪૨૨
તલ સફેદ	૧૮૦૦	૨૫૩૦
તલ કાળા	૩૪૦૦	૩૪૦૦
ધાણા	૧૧૦૧	૧૧૦૧
વરીયાળી	૮૫૫	૮૫૫
ડુંગળી લાલ	૧૧૨	૫૯૧
ડુંગળી સફેદ	૧૦૦	૩૨૨
કપાસ	૮૦૧	૧૫૨૧
નાળીયેર	૪૮૦	૧૭૬૦
કોડીનાર		
મગફળી જી-૨૦	૧૧૫૦	૧૨૬૬
બાજરી	૪૩૦	૪૯૩
ઘઉં	૫૦૦	૫૭૬
સોયાબીન	૮૦૦	૮૭૬
સીંગદાણા	૧૬૫૦	૧૮૨૦
અડદ	૧૮૦૦	૧૯૬૦
ગોંડલ		
કપાસ બી. ટી.	૧૧૦૧	૧૫૬૧
ઘઉં લોકવન	૫૨૨	૬૦૬
ઘઉં ટુકડા	૫૧૪	૬૩૦
મગફળી જીણી	૯૧૧	૧૨૬૧
સિંગદાણા જાડા	૧૪૫૧	૧૭૬૧
સિંગ ફાડીયા	૧૦૦૦	૧૫૫૧
એરંડા / એરંડી	૯૬૩	૧૧૬૬
જીરૂ	૨૮૦૧	૫૧૫૧
વરીયાળી	૯૦૧	૧૦૨૬
ધાણા	૮૦૧	૧૬૧૧
લસણ સુકું	૧૧૯૧	૩૭૨૧
ડુંગળી લાલ	૧૭૧	૫૬૧
અડદ	૧૪૫૧	૧૮૯૧
તુવેર	૮૦૧	૨૩૩૧
મેથી	૯૨૬	૧૧૦૧
મગફળી જાડી	૮૭૧	૧૩૫૧
સફેદ ચણા	૧૩૦૧	૧૩૦૧
મગફળી નવી	૮૦૦	૧૩૬૧
તલ – તલી	૨૦૦૦	૨૫૩૧
ધાણી	૯૦૧	૧૫૩૧
બાજરો	૪૩૧	૪૩૧
જુવાર	૫૬૧	૮૮૧
મગ	૧૨૯૧	૧૬૭૧
ચણા	૧૧૦૧	૧૩૧૧
વાલ	૫૨૧	૧૯૨૬
ચોળા / ચોળી	૧૨૦૧	૧૩૨૬
સોયાબીન	૭૭૧	૮૪૬
ગોગળી	૭૫૧	૧૧૧૧

શબ્દ સંજોગ-૧૮૩૯



આડી ચાવી :
(૧) જેનું ઐતિહાસિક નામ મગધ હતું તે રાજ્ય (૩)
(૩) પંખીઓનો મધુર ધ્વનિ (૪)
(૫) જિતેન્દ્ર, શ્રીદેવી, જયાપ્રદાની એક ફિલ્મ (૩)
(૭) એક કેન્દ્રશાસિત પ્રદેશ (૩)
(૯) મરી જાય તેવુ-તેટલું (૫)
(૧૨) મમત, સરસાઈ (૨)
(૧૪) લીટી, રેખા (૩)
(૧૫) ગરમી, ઉષ્ણતા (૪)
(૧૬) એક સંખ્યા (૨)
(૧૭) ધીરધાર કરવી તે (૨)
(૧૮) ---- જણાવવાનું કે (૨)
(૧૯) ખાંત, હોંશ (૨)
(૨૨) મોટી નદી (૨)
(૨૫) દક્ષિણ ભારતની એક વાનગી (૩)
(૨૬) દર વર્ષે (૬)

ઊભી ચાવી :
(૧) સાથી, ભાઈબંધ (૪)
(૨) કાંત, પતિ (૩)
(૩) ચિત્રકારની પીંછી (૩)
(૪) રટવું તે (૩)
(૬) દશા, હાલત (૨)
(૮) સાથે મળીને થતી વિચારણા (૪)
(૧૦) પહોર પહોરને આંતરે ઘડિયાળમાં વગાડવામાં આવે છે તે (અ) (૩)
(૧૧) તોપના ગોળાનો મારો ચલાવવો (૪)
(૧૩) લાકડાં વહેરવાનું એક ઓજાર (૪)
(૧૬) એક જાતનું રેશમી કાપડ (૩)
(૨૦) પાણી પીવાની ઈચ્છા (૩)
(૨૧) શાંત પડવું તે (૩)
(૨૩) દાવાનળ (૨)
(૨૪) તદ્દન, બિલકુલ (૩)

શબ્દ સંજોગ-૧૮૩૮ જવાબ

આડી ચાવી: (૧) માઠા (૩) આંખ (૫) હાનિ (૭) દોહ્યલું (૮) દોલત (૧૦) ફાલ (૧૨) લાલન (૧૩) રવિ (૧૫) હીન (૧૭) શેક (૧૯) કષ્ટ (૨૦) બાપીકું (૨૨) નશો (૨૩) પ્રેરક (૨૫) આમદાની (૨૬) લાભ (૨૮) મીઠાશ (૨૯) નકલ.

ઊભી ચાવી: (૧) માહ્યલું (૨) ઠાલું (૩) આંદોલન (૪) ખલ (૬) નિષ્ફળ (૯) તત્પર (૧૦) ફાલસા (૧૧) લાહી (૧૪) વિશે (૧૬) નકશો (૧૮) કળા (૨૦) પીકનીક (૨૨) નનામી (૨૩) પ્રેમ (૨૪) ભલા (૨૫) આશ (૨૭) ભદ્ર.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

૨૨ જુલાઈ સુધીમાં મેઘો ગુજરાતને ધમરોળશે : હવામાન વિભાગ

હજુપણ રાજયમાં વરસાદની ૬% ઘટ

અમદાવાદ,તા.૧૯

હવામાન વિભાગ દ્વારા આગામી ૨૨ જુલાઈ સુધી રાજ્યના વિવિધ ભાગોમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. રાજ્ય પર એકસાથે વરસાદની ચાર સિસ્ટમ સક્રિય થતાં ભારે પવન સાથે ધોધમાર વિસ્તારની સંભાવના છે. જેમાં સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદની શક્યતા હવામાન વિભાગે વ્યક્ત કરી છે. આ સાથે જ ત્રણ દિવસ ભારે પવન ફૂંકાવાની સંભાવના હોવાથી દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારમાં માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે. આગામી દિવસોમાં ગુજરાત રાજ્યમાં ભારે વરસાદની સંભાવના હવામાન વિભાગે વ્યક્ત કરી છે. હાલમાં ગુજરાત રાજ્ય પર એકસાથે ચાર સિસ્ટમ સક્રિય

બની છે, જેમાં સૌરાષ્ટ્ર અને કચ્છના ભાગમાં સાઈક્લોનિક સર્ક્યુલેશન, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ, ગુજરાતથી ઉત્તર કેરળ સુધી ઓફ શોર ટ્રફ અને શિયર ઝોન એમ ચાર સિસ્ટમ સક્રિય થઈ છે, જેમાં સાઈક્લોનિક સર્ક્યુલેશન અને ઓફ શોર ટ્રફની અસર વર્તાઈ રહી છે. એને કારણે સૌરાષ્ટ્ર-કચ્છ અને દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં ભારે વરસાદની શક્યતા છે. રાજ્યમાં વિવિધ ભાગોમાં મેઘમહેર થઈ રહી છે, તેમ છતાં હજુ પણ ગુજરાત રાજ્યમાં છ ટકા વરસાદની ઘટ છે. ૧ જૂન ૨૦૨૪થી ૧૮ જુલાઈ ૨૦૨૪ સુધીમાં સરેરાશ ૨૫૫ મિમી વરસાદની જરૂરિયાત હોય છે, પરંતુ આ વર્ષે એની સામે હજુ સુધીમાં ૨૪૦ મિમી વરસાદ વરસ્યો છે, એટલે કે ગુજરાતમાં સરેરાશ ૬% જેટલો વરસાદ ઓછો છે.

જામનગર જિલ્લામાં ચાંદીપુરાનો પગપેસારો, બાળકનું મોત થતા તંત્રમાં દોડધામ

શંકાસ્પદ એવા ત્રણ બાળ દર્દીઓ સારવાર હેઠળ

જામનગર,તા.૧૯

સમગ્ર ગુજરાતભરમાં ચાંદીપુરા વાયરસ હાહાકાર મચાવી રહ્યો છે અને બાળ દર્દીઓમાં આ વાયરસ જોવા મળી રહ્યો છે. ત્યારે ગઈકાલે જામનગર જિલ્લાના ધ્રોલ અને જામજોધપુર પંથકના બે બાળ દર્દીઓ કે જેઓને ચાંદીપુરા વાયરસના શંકાસ્પદ દર્દી ગણીને દાખલ કરવામાં આવ્યા છે. બંનેના નમૂના મેળવીને પૃથક્કરણ માટે પુનાની લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે. જામનગરની સરકારી હોસ્પિટલમાં અલગથી શરૂ કરાયેલા વોર્ડમાં જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાના વધુ બે બાળદર્દીઓને શંકાસ્પદ ગણીને દાખલ કરવામાં આવ્યા હતા. જે પૈકી દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયાના વતની એવા એક બાળ દર્દીનું મૃત્યુ નિપજતાં હોસ્પિટલ તંત્રમાં ભારે દોડધામ થઈ છે. હાલ જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં ચાંદીપુરા વાયરસના શંકાસ્પદ એવા ત્રણ બાળ દર્દીઓ સારવાર હેઠળ છે, જે તમામની સઘન સારવાર ચાલી રહી છે.

ચાંદીપુરા વાયરસને લઈ અમરેલી જિલ્લા આરોગ્ય અધિકારીની બેઠક

અમરેલી,તા.૧૯

સમગ્ર રાજયમાં ચાંદીપુરા વાયરસને લઈ હાહાકાર મચી જવા પામ્યો છે જેના કારણે ગઈકાલે મુખ્યમંત્રીએ રાજયના કલેકટર, આરોગ્ય અધિકારીઓની સાથે વીડિયો કોન્ફરન્સ કરી જરૂરી સૂચનાઓ આપી હતી. આ અંગે કલેકટરે પણ ચાંદીપુરા વાયરસને લઈ તંત્ર સજ્જ હોવાનું જણાવ્યું હતું. ચાંદીપુરા વાયરસને લઈ જિલ્લા આરોગ્ય અધિકારીએ પીડિયાટ્રિશિયન, ફીઝીશીયન અને આઈએમએ સાથે આ બાબતે બેઠક કરી હતી. બેઠકમાં આરોગ્ય અધિકારીએ જણાવ્યું હતું કે, ખાનગી દવાખાનામાં પણ ચાંદીપુરા વાયરસનો કેસ આવે તો તાત્કાલિક જિલ્લા આરોગ્યને જાણ કરવી જેથી આ વિસ્તારમાં ઝડપથી સર્વેલન્સની કામગીરી કરી શકાય અને જરૂરી દવાનો છંટકાવ કરી શકાય. આમ, ચાંદીપુરા વાયરસનો સામનો કરવા અમરેલી જિલ્લાની આરોગ્યની ટીમ સતર્ક બની છે.

ધોરાજીમાં મોહરમની ભવ્ય ઉજવણી: ચાંદીની સેજ અને તાજીયાના જુલૂસનું આકર્ષણ

ધોરાજી,તા.૧૯

ધોરાજીમાં ગઈકાલે મોહરમની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. શહેરના મુસ્લિમ સમુદાય દ્વારા આયોજિત કરાયેલા આ કાર્યક્રમમાં હજારો લોકોએ ભાગ લીધો હતો. સૈયદ સીરાજી માતમની કયુમ બાવા દ્વારા બનાવવામાં આવેલી ચાંદીની સેજ મુબારક આકર્ષણનું કેન્દ્ર બની હતી. સૈયદ રુસ્તમ તાજીયા માતમના અને કયુમ બાવાની સેજમાં હજારો હિન્દુ મુસ્લિમોએ શ્રીફળ વધેરી અને મન્નત ચડાવી હતી. બપોરે ૪ વાગ્યે, સૈયદ રુસ્તમ માતમના જાવિદ્ બાપુ રુસ્તમ વાલા અને સૈયદ બશીર મિયા બાપુ રુસ્તમ વાલાની ઉપસ્થિતિમાં ૧૦૦ જેટલા તાજીયાનું વિશાળ જુલૂસ નીકળ્યું હતું. આ જુલૂસ શહેરના મુખ્ય માર્ગો પર ફરીને ખ્વાજા સાહેબ દરગાહ ખાતે પૂર્ણ થયું હતું. ત્યાં હુસેની ન્યાઝ કમિટી દ્વારા ભવ્ય ન્યાઝનું આયોજન કરવામાં આવ્યું હતું. સૌરાષ્ટ્રભરમાંથી મોહરમના તહેવાર નિમિત્તે આવેલા લોકોએ આ ન્યાઝનો લાભ લીધો હતો. રાત્રે શહીદ-એ-આઝમ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું.

તસવીર :નયન કુહાડીયા

ભારત વિકાસ પરિષદ ધોરાજી શાખા દ્વારા મોટીમારડ ખાતે તેજસ્વી તારલા સન્માન કાર્યક્રમ

ભારત વિકાસ પરિ
ધોરાજી શાખા

ધોરાજી, તા.૧૯

ભારત વિકાસ પરિસદ ધોરજી શાખા દ્વારા તા.૧૪-૦૭-૨૦૨૪ ને રવિવારે, રાંદલ માતાજીના મંદિર, મોટીમારડ ખાતે પરિવારના તેજસ્વી તારલાઓનું સન્માન અને પ્રવાસ પર્યટનનો કાર્યક્રમ યોજાયો હતો. ભારત વિકાસ પરિષદ પરિવારના સભ્યોએ વિવિધ રમતો રમી આનંદ માણ્યો હતો. પરિવારના ૮૦ બાળકોને વિવિધ ઈનામો આપી પ્રોત્સાહિત કર્યા હતા. આરએસએસના ચંદુભાઈએ ભારતીય સંસ્કૃતિ અને ભારત વિકાસ પરિષદની સ્થાપનાથી આજ સુધીની માહિતી આપી હતી.

જુડવડલી ગામની મચ્છુન્દ્રી નદીમાં જળસ્તર વધી જતા નાસભાગ

ઉના,તા.૧૯

ગીર જંગલના ઉપરવાસમાં ગઈકાલે પડેલા ભારે વરસાદના લીધે ઉના ગીરગઢડા પંથકની મચ્છુન્દ્રી નદીમાં નવા નીર આવતા નદીના બંને કાંઠે પાણી વહેતા થયા હતા. નદીમાં ડેમનું કામ ચાલુ હતું ત્યારે અચાનક પાણી આવતા હિટાચી મશીન અને ટ્રેક્ટર પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. જુડવડલી ગામની મચ્છુન્દ્રી નદીમાં નવા ડેમનું કામ શરૂ હતું અને ભારે વરસાદના કારણે સાંજના સમયે અચાનક નદીમાં પાણી આવી જતા સ્થળ પર કામ કરતા લોકોમાં નાસભાગ મચી હતી અને નદીમાં ધીમે ધીમે પાણીનો પ્રવાહ વધી જતાં નદીમાં રહેલ હિટાચી મશીન તેમજ ટ્રેક્ટર નદીના પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. જોકે નદીમાં પાણી આવતા કામ કરતા તમામ વ્યક્તિઓ તાત્કાલિક નદીમાંથી બહાર નીકળી ગયા હતા અને નદીમાં રહેલા સાધનો હિટાચી મશીન અને ટ્રેક્ટર ત્યાં જ પડેલ જે પાણીના વહેતા પ્રવાહમાં આ મશીન તણાઈ જતા ડૂબી ગયા હતા. જોકે નદીમાં પાણી ઓસરી જતાં હિટાચી મશીન તેમજ ટ્રેક્ટરને બહાર કાઢવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

શ્રી સરદાર પટેલ શરાફી સહકારી મંડલી લી.-બગસરા

સ્થાપના વર્ષ – ૨૦૦૯

રજી. નં. સે.શ. ૩૬૭૪૯

આથી શ્રી સરદાર પટેલ શરાફી સહકારી મંડળી લી.–બગસરાનાં તમામ સભાસદોને જાણ કરવામાં આવે છે કે, મંડળીના સભાસદોની ૧૫મી વાર્ષિક સાધારણ સભા તા.૦૪–૦૮–૨૦૨૪ ને રવિવારના રોજ સવારે ૯–૩૦ કલાકે પટેલવાડી, ગોકુલપરા–બગસરા મુકામે નીચે જણાવ્યા મુજબનાં કામો માટે મળશે જેમાં પધારવા નિમંત્રણ છે.

તારીખઃ– ૦૪–૦૮– ૨૦૨૪ ને રવિવાર

સમય :– સવારે ૯–૩૦ કલાકે

સ્થળઃ– પટેલવાડી, ગોકુલપરા, બગસરા

:: કાર્યસુચિ ::

૧, તા. ૨૫–૬–૨૦૨૩ નાં રોજ મળેલ વાર્ષિક સાધારણ સભાની કાર્યવાહી નોંધને બહાલી આપવા અંગે.
૨. મંડળીના વર્ષ : ૨૦૨૩/૨૪નાં વાર્ષિક હિસાબો, નફા–નુકશાન પત્રક તેમજ તા. ૩૧–૩–૨૦૨૪નાં રોજનું સરવૈયુ મંજુર કરવા બાબત.
૩, આગામી વર્ષઃ ૨૦૨૪/૨૫ નું અંદાજ પત્ર મંજુર કરવા અંગે.
૪, બોર્ડ ઓફ ડીરેક્ટર્સે ભલામણ કરેલ સને : ૨૦૨૩/૨૪ નાં વર્ષનાં નફાની ફાળવણી મંજુર કરવા બાબત.
૫, બોર્ડ ઓફ ડીરેક્ટર્સે કરેલ ધિરાણ– વસુલાત તથા વહીવટી કામગીરીને બહાલ રાખવા અંગે.
૬, ઓડીટ રીપોર્ટ તથા દુરસ્તી રીપોર્ટ વંચાણે લઈ બહાલ રાખવા અંગે.
૭, મંડળીનાં પેટા નિયમોમાં સુધારા–વધારા કરવા બાબત.
૮, મંડળીના ઉદેશ્યો મુજબ વ્યવસ્થાપક કમિટીએ હાથ ધરેલ કામકાજની સમીક્ષા કરવા તથા મંડળીની વ્યવસ્થાપક કમિટીને જરૂરી અધિકાર આપવા બાબત.
૯. કેન્દ્ર સરકારનાં નિયત્રંણ હેઠળ EPFO નાં સ્વીકારેલ નિયમો અને તે અન્વયે કર્મચારીઓનાં ખોલવામાં આવેલ ખાતાની કામગીરીને બહાલ રાખવા બાબત
૧૦, અધ્યક્ષ સ્થાનેથી રજુ થાય તે.

જયદિપ બી. હિરપરા
મંત્રી

કિરીટ ડી.નળીયાધરા
પ્રમુખ

તા. ૨૦–૦૭–૨૦૨૪
બગસરા

શ્રી સરદાર પટેલ શરાફી સહકારી મંડળી લી. – બગસરા

ખાસ નોંધ

- ✶ જો કોઈ સભાસદને મંડળીનાં હિસાબ અંગે કોઈ ખુલાસો કે માહિતી જોઈતી હોય તો વાર્ષિક સાધારણ સભા મળવાનાં ઓછામાં ઓછા સાત દિવસ પહેલા તે અંગે મંડળીને લેખિત જાણ કરવી કે જેથી સાધારણ સભામાં એવા ખુલાસા કે માહિતી આપી શકાય.
- ✶ કોરમનાં અભાવે સભા મુલત્વી રહેશે તો તે જ દિવસે તે જ સ્થળે અડધા કલાક બાદ સભા ફરીથી મળશે જે કાયદેસર ગણાશે અને એજન્ડા મુજબની કાર્યવાહી કરશે.
- ✶ સભાસદો અને આમંત્રીતો સિવાય કોઈને સાધારણ સભામાં હાજર રહેવા દેવામાં આવશે નહી. તેમ છતાં પણ જો કોઈ ઈસમ હાજર હોવાનું માલુમ પડશે તો તેની સામે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.
- ✶ સાધારણ સભામાં સભાસદોએ ઓળખ કાર્ડ લઈને આવવું.

સાધારણ સભાનાં અંતે ભોજન સાથે લઈશું

ઉનાના મોઠા ગામની સીમ વાડી પાસે દીપડાનો મૃતદેહ મળ્યો

ઉના,તા.૧૯

ઉનાના મોઠા ગામની સીમ વાડી પાસે એક દીપડો મૃત હાલતમાં મળી આવતા વન વિભાગને જાણ કરાઈ હતી. મોઠા ગામની સીમ વિસ્તારમાં રહેતાં ખેડૂત ભરતભાઈ મુંજાભાઈની વાડીની બાજુમાં એક દીપડો મૃત હાલતમાં પડેલ હતો. આજુબાજુના લોકોને નજરે આવતા વન વિભાગને જાણ કરવામાં આવી હતી. વન વિભાગનો સ્ટાફ તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગયેલ હતો અને દીપડાનો મૃતદેહ લઈ પીએમ અર્થે જસાધાર એનિમલ કેર સેન્ટર મોકલી આપેલ હતો. દીપડાનું બીમારીથી કે પછી અન્ય કોઈ કારણથી મોત નિપજ્યું છે તેનો પીએમ રિપોર્ટ આવ્યા બાદ હકીકત જાણવા મળશે. આ દીપડો અંદાજે ૨ થી ૩ વર્ષનો હોવાનું જાણવા મળેલ છે.

તસવીર : કૈલૈશ ભટ્ટ

કોડીનારમાં ચાલતી અઢાર પુરાણ કથા દરમ્યાન આધ્યાત્મિક પુસ્તકોનું વેચાણ

ડોળાસા તા.૧૯

કોડીનાર લોહાણા સમાજ અને તમામ હિંદુ સનાતનીઓના સહયોગથી કોડીનાર માર્કેટિંગ યાર્ડના વિશાળ સમિયાણામાં અઢાર પુરાણ કથા યોજાઈ રહી છે. આ કથા અંતર્ગત ગાયત્રી ચેતના કેન્દ્ર દુદાણા (તા.કોડીનાર) દ્વારા ગાયત્રી પરિવાર હરિદ્વાર લિખિત અને પ્રકાશિત આધ્યાત્મિક પુસ્તકોનું રાહત ભાવે વેચાણ પણ કરવામાં આવી રહ્યુ છે અને લોકો મોટી સંખ્યામાં આ પુસ્તકો ખરીદી કરવામાં રસ દાખવી રહ્યા છે. જેના થકી લોકોમાં આધ્યાત્મિકતા પ્રત્યે રસ રૂચિ વધશે અને દેશની સંસ્કૃતિ અને સનાતન ધર્મ કેટલો મહાન છે એ જાણવાની તક પણ મળશે. વક્તા ડૉ. મહાદેવ પ્રસાદ મહેતા પોતાની મધુર વાણીમાં કથાનું રસપાન કરાવી રહ્યા છે અને વિશાળ સંખ્યામાં ભાવિકો કથા સાંભળવા ઉમટી રહ્યા છે.

નાયબ કલેકટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, મું.લાઠી

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૧૧૨/૨૪ **તા.૩૧/૫/૨૦૨૪**

વિવાદીઃ- શ્રી ગોલાણી સમજુબેન વલ્લભભાઈ,રે. કરીયાણા, તા. બાબરા, જિ.અમરેલી
(મો.નં. ૯૪૨૭૨ ૪૫૪૬૯)

વિરૂધ્ધ

પ્રતિવિવાદીઃ- જન્મ-મરણ નોંધણી અધિકારી-વ-તલાટી કમ મંત્રીશ્રી
ગ્રામ પંચાયત કરીયાણા, તા.બાબરા, જિ.અમરેલી

// જાહેર નોટીસ //
(જન્મનાં દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **બાબરા** તાલુકાના **મોજે.કરીયાણા** ગામના રહીશ આ કામના અરજદારશ્રીની પુત્રી **જયાબેન વલ્લભભાઈ ગોલાણીનો જન્મ તા.૦૧/૦૧/૧૯૮૪ ના રોજ મોજે.કરીયાણા, તા.બાબરા, જિ.અમરેલી** મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૮/૪/૨૪ થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત **અત્રેની કોર્ટમાં મુદત તા.૨૩/૦૭/૨૦૨૪ ના રોજ બપોરના ૧૫:૦૦ કલાકે** વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો

(સહી.)
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ
લાઠી

તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં

નં. જન્મ/ કેસ / રજી નં.૨૬/૨૦૨૪

પ્રતિઃ
શ્રી ઓસમાણભાઈ રહેમાનભાઈ શેખ ....અરજદાર
રહે. વેલણ, ગામ- વેલણ, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ

વિરૂધ્ધ

રજીસ્ટારશ્રી (જન્મ -મરણ) અને તલાટી -કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, વેલણ,
તાલુકો. કોડીનાર, જિલ્લો.ગીર સોમનાથ ....સામાવાળા

જાહેર નોટીસ

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના વેલણ ગામના રહીશ શ્રી ઓસમાણભાઈ રહેમાનભાઈ શેખના પુત્ર શેખ સોયેબ ઓસમાણનો જન્મ તા.૦૧/૦૬/૧૯૮૩ ના રોજ કોડીનાર તાલુકાના વેલણ ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધ કોડીનાર તાલુકાના વેલણ ગામના સને ૧૯૮૩ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૨/૦૭/૨૦૨૪ ના રોજ ૧૧:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે .

આજ તારીખ ૦૬/૦૭/૨૦૨૪ના રોજ મારી સહિ તથા સિક્કો કરીને આપ્યા

સહિ
(એન.જી.રાદડીયા)
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

મહારાષ્ટ્રમાં સમાજવાદી પાર્ટીના તમામ ૩૭ સાંસદોનો સ્વાગત સમારોહ યોજાવા જઈ રહ્યો છે

કોંગ્રેસ-સપા સાથે ચૂંટણી લડશે?: સપા મહારાષ્ટ્રમાં પોતાની તાકાત બતાવશે

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૧૯

દેશમાં ત્રીજા નંબરની સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી આવેલી સમાજવાદી પાર્ટી હવે તેના વિસ્તરણ માટે નવા રાજકીય માર્ગો શોધવા માટે આગળ વધી છે. આ ક્રમમાં સમાજવાદી પાર્ટીનો પ્રથમ પડાવ મહારાષ્ટ્ર છે. મહારાષ્ટ્રમાં સમાજવાદી પાર્ટીના તમામ ૩૭ સાંસદોનો સ્વાગત સમારોહ યોજાવા જઈ રહ્યો છે. સ્વાગત સમારોહના બહાને સમાજવાદી પાર્ટી મહારાષ્ટ્રમાં પોતાનું રાજકીય મેદાન મજબૂત કરવા માટે સંપૂર્ણ રીતે તૈયાર છે. સૂત્રોનું માનીએ તો મહારાષ્ટ્રમાં સમાજવાદી પાર્ટી મહાવિકાસ અઘાડી સાથે ગઠબંધન કરીને ચૂંટણી લડશે, જે કોંગ્રેસ સાથે ગઠબંધનમાં છે. આ ઉપરાંત મહારાષ્ટ્રમાં યોજાનારી નગરપાલિકાની ચૂંટણીમાં ભાગ લેવા માટે સમાજવાદી પાર્ટી પણ મેદાની તૈયારીઓમાં વ્યસ્ત છે. સમાજવાદી પાર્ટીએ લોકસભા ચૂંટણી બાદ પોતાના વિસ્તરણ માટે ઘણી મોટી યોજનાઓ તૈયાર કરી છે. પાર્ટીના રણનીતિકારોના મતે આ વિસ્તરણમાં સમાજવાદી પાર્ટી ઉત્તર પ્રદેશમાંથી બહાર આવીને અન્ય રાજ્યોમાં તાકાત સાથે ચૂંટણી લડવાની તૈયારી કરી રહી છે. આમાં સૌથી પહેલા મહારાષ્ટ્રમાં રાજકીય સમર્થનની તાકાત તૈયાર કરવામાં આવી રહી છે. આ રાજકીય સંદેશ આપવા માટે મહારાષ્ટ્રમાં સમાજવાદી પાર્ટી શુક્રવારે રિસેપ્શન દ્વારા પોતાના તમામ સાંસદોની મહત્વપૂર્ણ બેઠક યોજવા જઈ રહી છે. આ સ્વાગત સમારોહ દરમિયાન સમાજવાદી પાર્ટી મહારાષ્ટ્રમાં પોતાની તાકાત બતાવશે એટલું જ નહીં, આગામી વિધાનસભા ચૂંટણીમાં પોતાના ઉમેદવારોને મેદાનમાં ઉતારવાની સંપૂર્ણ યોજના પણ તૈયાર કરશે. આ માટે પાર્ટીએ જ્ઞાતિ સમીકરણોના આધારે મહારાષ્ટ્રનો સમગ્ર રાજકીય રોડ મેપ તૈયાર કર્યો છે. મહારાષ્ટ્રમાં ચૂંટણી પહેલા સમાજવાદી પાર્ટીએ જે રીતે તેના સાંસદોના સ્વાગત સમારોહનું આયોજન કર્યું છે, તે આગામી વિધાનસભાની ચૂંટણીમાં તેની મજબૂત હાજરીને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવેલ યોજના છે. સમાજવાદી પાર્ટીના રાષ્ટ્રીય પ્રવક્તા અને પૂર્વ મંત્રી રાજેન્દ્ર ચૌધરીનું કહેવું છે કે તેમની પાર્ટી દેશની ત્રીજી સૌથી મોટી પાર્ટી છે. ચોક્કસપણે પાર્ટી તેના વિસ્તરણ માટે તમામ પ્રયાસો કરી રહી છે અને તેમાં સફળ પણ થશે. ચૌધરીનું કહેવું છે કે ભવિષ્યની જે પણ રણનીતિ તૈયાર કરવામાં આવી રહી છે તે પાર્ટીના ભાવિ વિઝનને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવી રહી છે. બાબાસાહેબ ભીમરાવ આંબેડકરને શ્રદ્ધાંજલિ આપવાની સાથે સાથે સમાજવાદી પાર્ટીના નેતાઓ છત્રપતિ શિવાજીને શ્રદ્ધાંજલિ અર્પણ કરીને અને સિદ્ધિવિનાયક મંદિરમાં દર્શન કરીને આગળની રણનીતિ બનાવવા જઈ રહ્યા છે. આ વખતે મહારાષ્ટ્રમાં સમાજવાદી પાર્ટીના પ્રવેશથી ભારત ગઠબંધનની મહાવિકાસ અઘાડીમાં ચોક્કસપણે ચિંતાનો દોર જોવા મળશે. આનું કારણ જણાવતા હિમાંશુ કહે છે કે જો સમાજવાદી પાર્ટી એકલા હાથે ચૂંટણી લડશે તો દલિત અને મુસ્લિમ વોટબેંકની મદદથી તે પોતાના જ ગઠબંધન પાર્ટનર્સ સાથે છેડો ફાડીને નબળા પડી જશે અને જો સમાજવાદી પાર્ટી મહાવિકાસ અઘાડીના ગઠબંધન સાથે ચૂંટણી લડશે તો તે ગઠબંધનમાં સમાવિષ્ટ રાજકીય પક્ષોની સીટો પર હિસ્સો લેશે.

પ્રોબેશનર આઈએએસ ઓફિસર પૂજા ખેડકર વિરુદ્ધ કાર્યવાહી; FIR નોંધવામાં આવી

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૧૯

યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (યુપીએસસી)એ શુક્રવારે પ્રોબેશનર આઈએએસ ઓફિસર પૂજા ખેડકર વિરુદ્ધ ઘણી કાર્યવાહી શરૂ કરી છે. પંચ દ્વારા લેવામાં આવેલા પગલાઓમાં પૂજા વિરુદ્ધ એફઆઈઆર દાખલ કરવાનો સમાવેશ થાય છે. નકલી ઓળખ કાર્ડનો ઉપયોગ કરીને સિવિલ સર્વિસ પરીક્ષામાં બેસવા બદલ તેની સામે એફઆઈઆર દાખલ કરવામાં આવી છે. કમિશને સિવિલ સર્વિસ પરીક્ષા-૨૦૨૨ માટે તેમની ઉમેદવારી રદ કરવા અને ભવિષ્યની પરીક્ષાઓમાં હાજર રહેવા પર પ્રતિબંધ મૂકતી કારણ બતાવો નોટિસ પણ જારી કરી છે. ઈન્ડિયન એડમિનિસ્ટ્રેટિવ સર્વિસ ૨૦૨૩ બેચની ઓફિસર પૂજા ખેડકર પર તાજેતરમાં પુણેમાં તેની તાલીમ દરમિયાન સિવિલ સર્વિસમાં પસંદગી માટે વિશેષાધિકારોનો દુરુપયોગ કરવાનો અને બનાવટી પ્રમાણપત્રોનો ઉપયોગ કરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. કમિશને એક સત્તાવાર નિવેદનમાં જણાવ્યું હતું.

જમ્મુ ડિવિઝનમાં આતંક ફેલાવનારા આતંકીઓ પાકિસ્તાનના પંજાબ અને ખૈબર પખ્તુનખ્વા વિસ્તારના રહેવાસી

આતંકીઓએ દરેક હુમલા બાદ બોડી કેમેરાનો ઉપયોગ કરીને હુમલાના અત્યાધુનિક વીડિયો બનાવ્યા

(એ.આર.એલ),જમ્મુ,તા.૧૯

જમ્મુ ડિવિઝનમાં આતંક ફેલાવનારા આતંકીઓ પાકિસ્તાનના પંજાબ અને ખૈબર પખ્તુનખ્વા વિસ્તારના રહેવાસી છે. આ પઠાણો છે. તેમને પર્વતો, જંગલો અને નદીઓમાં પણ લડાઈ કરવાનો અનુભવ છે. ગુપ્તચર એજન્સીઓને આ આતંકવાદીઓ વિશે ઘણી નક્કર માહિતી મળી છે. ભૂતપૂર્વ ડીજીપી એસપી વૈદનું કહેવું છે કે આતંકવાદીઓ પાસે લશ્કરી તાલીમ, જાસૂસી ક્ષમતા અને ગેરિલા યુદ્ધની રણનીતિનો અનુભવ છે. અત્યાધુનિક હથિયારો છે. તેઓ હુમલાનો વીડિયો બનાવી રહ્યા છે. આ હુમલાઓની મોડસ ઓપરેન્ડી દર્શાવે છે કે આ પાકિસ્તાનના પંજાબ પ્રાંત અને ખૈબર પખ્તુનખ્વાના પઠાણ લડવૈયાઓ છે. આને ઝડપથી નિયંત્રિત કરવાની જરૂર છે. બીજી તરફ ગુપ્તચર એજન્સીઓના સૂત્રોનું કહેવું છે કે રાજોરી-પૂંચ, કઠુઆ, ડોડા અને રિયાસીમાં ૪૦થી ૫૦ આતંકીઓ સક્રિય છે. આ આતંકવાદીઓ ત્રણથી ચાર જૂથોમાં વહેંચાયેલા છે. તેણે લગભગ છ મહિના સુધી આઈબીમાં ઘૂસણખોરી કરી હતી. તેને અફઘાનિસ્તાનમાં તાલિબાન આતંકવાદીઓ સાથે લડવાનો અનુભવ છે. આતંકવાદીઓ પાસે નાઈટ વિઝન કેમેરા પણ છે, જે દૂરથી સ્નાઈપર હુમલા કરે છે. જ્યારે તેઓ હુમલો કરે છે, ત્યારે તેઓ તેમને આગળ મોકલે છે. આ ટીમ અંગ્રેજીમાં પોસ્ટનો અનુવાદ કરે છે અને પોસ્ટ કરે છે. તે ક્યારેક રોબર્ટ ફ્રોસ્ટ જેવા પ્રખ્યાત લેખકો અને કવિઓને પણ ટાંકે છે.

બાંગ્લાદેશમાં હિંસાને કારણે પરિસ્થિતિ કાબુ બહાર: અથડામણમાં ૩૨ લોકો મૃત્યુ પામ્યા

(એ.આર.એલ),ઢાકા,તા.૧૯

બાંગ્લાદેશમાં હિંસાને કારણે સ્થિતિ વધુ કાબૂ બહાર થઈ ગઈ છે. ગુસ્સે ભરાયેલા વિદ્યાર્થીઓએ ગુરુવારે દેશના સરકારી બ્રોડકાસ્ટરને આગ ચાંપી દીધી હતી. ઢાકામાં થયેલી હિંસામાં ઓછામાં ઓછા ૩૨ લોકોના મોત થયા હતા. વડાપ્રધાન શેખ હસીના નેટવર્ક પર વધી રહેલી અથડામણોને શાંત કરવા માટે અપીલ કરી રહ્યા હતા.

હાલની અનામત નાબૂદ કરવાની અને સિવિલ સર્વિસ રિક્રુટમેન્ટના નિયમોમાં સુધારાની માંગ કરી રહેલા સેંકડો વિરોધીઓ પર પોલીસે પહેલા રબરની ગોળીઓ ચલાવી હતી. પરંતુ બાદમાં તોફાનીઓએ જવાબી કાર્યવાહી કરી અને પોલીસ પર કાબૂ મેળવ્યો.

ગુસ્સે ભરાયેલા ટોળાએ રાજધાની ઢાકામાં બીટીવીના હેડક્વાર્ટર સુધી પીછેહઠ કરી રહેલા અધિકારીઓનો પીછો કર્યો, પછી નેટવર્કની રિસેપ્શન બિલ્ડિંગ અને બહાર પાર્ક કરેલા ડઝનેક વાહનોને આગ ચાંપી દીધી. જેના કારણે રાજધાની ઢાકા આગની લપેટમાં આવી ગઈ હતી. અનિયંત્રિત સ્થિતિને જોતા મોબાઈલ અને ઈન્ટરનેટ સેવાઓ બંધ કરી દેવામાં આવી છે. આગ ફેલાઈ જતાં ઘણા લોકો અંદર ફસાયા હતા, પરંતુ સ્ટેશનના એક અધિકારીએ પછીથી એએફપીને જણાવ્યું કે તેઓએ બિલ્ડિંગને સુરક્ષિત રીતે ખાલી કરી દીધી છે. અધિકારીએ કહ્યું, ‘‘આગ હજુ પણ ચાલુ છે.’’ ‘‘અમે મુખ્ય પ્રવેશદ્વારની બહાર આવ્યા છીએ. અમારું ટ્રાન્સમિશન હાલ પૂરતું બંધ કરી દેવામાં આવ્યું છે.’’ વડાપ્રધાન હસીનાએ બ્રોડકાસ્ટર પર બુધવારે રાત્રે વિરોધીઓની ‘‘હત્યા’’ની નિંદા કરી અને વચન આપ્યું કે જવાબદારોને તેમના રાજકીય જોડાણને ધ્યાનમાં લીધા વિના સજા કરવામાં આવશે, AFP અનુસાર, પરંતુ તેમની શાંતિની અપીલ છતાં શેરીઓમાં હિંસા વધુ ખરાબ થવાની અપેક્ષા હતી. પોલીસે ફરીથી રબર બુલેટ અને ટીયરગેસ વડે દેખાવોને તોડવાનો પ્રયાસ કર્યો હતો.

જગન્નાથ મંદિરના પહેલા રૂમમાંથી ૩.૪૮ કિલો સોનું મળી આવ્યું હતું

એએસઆઈની ટીમ ભગવાન જગન્નાથ મંદિરના બેઝમેન્ટનું સમારકામ કરશે

(એ.આર.એલ),ભુવનેશ્વર,તા.૧૯

ઓડિશાના પુરીમાં મહાપ્રભુ જગન્નાથ મંદિરના અંદરના રત્ન ભંડારમાં રાખવામાં આવેલ ખજાનો બહાર કાઢવામાં આવ્યો હતો. આ કામ માટે રાજ્ય સરકાર દ્વારા ૧૧ સભ્યોની કમિટી બનાવવામાં આવી હતી. સમિતિના લોકો સવારે ૯.૧૫ વાગ્યે અંદર ગયા હતા. તમને જણાવી દઈએ કે મંદિરની અંદરથી મળેલા ખજાનાને અસ્થાયી સ્ટ્રોંગ રૂમમાં શિફ્ટ કરવામાં આવ્યો છે. એએસઆઈની ટીમ મંદિરના બેઝમેન્ટનું સમારકામ કરશે. સમારકામ બાદ તિજોરીને જૂના રૂમમાં ખસેડવામાં આવશે. તમને જણાવી દઈએ કે ત્રીજા રૂમમાંથી ૪ કબાટ અને ૩ છાતી મળી આવી છે. જગન્નાથ મંદિર માટે રચાયેલી મોનિટરિંગ કમિટીએ મંદિરમાં વધુ તપાસ માટે સરકારને સૂચનાઓની ભલામણ કરી છે. પૂર્વ જસ્ટિસ વિશ્વનાથ રથે સરકાર પાસે આ માંગણી કરી છે જેથી લોકોની મૂંઝવણ દૂર થઈ શકે. ભગવાન જગન્નાથના મંદિરના પહેલા રૂમમાંથી ૩.૪૮ કિલો સોનું મળી આવ્યું હતું.

જમ્મુ કાશ્મીરમાં લેફ્ટનન્ટ ગવર્નર સામે વ્યર્થ અરજી બદલ ભૂતપૂર્વ IAS અધિકારીને રૂ. ૧ લાખનો દંડ

શ્રીનગર,તા.૧૯

સેન્ટ્રલ એડમિનિસ્ટ્રેટિવ ટ્રિબ્યુનલની જમ્મુ બેન્ચે રાજ્યના લેફ્ટનન્ટ ગવર્નર અને અન્ય વરિષ્ઠ અમલદારો વિરુદ્ધ વ્યર્થ અરજી દાખલ કરવા બદલ ભૂતપૂર્વ આઈએએસ અધિકારી પર રૂ. ૧ લાખનો દંડ ફટકાર્યો છે. ટ્રિબ્યુનલના ન્યાયિક સભ્ય રાજીન્દર ડોગરાએ ૧૬ જુલાઈના આદેશમાં જણાવ્યું હતું કે ભૂતપૂર્વ આઈએએસ અધિકારી કુમાર રણછોડભાઈ પરમારે તેમની સેવા અંગે દાખલ કરેલી અરજી માત્ર લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિંહા અને અન્ય અમલદારોને હેરાન કરવા માટે હતી. ટ્રિબ્યુનલે કહ્યું કે તે સેવા સંબંધિત કેસ છે અને કેન્દ્ર અને રાજ્ય સરકારોને ફસાવવાને બદલે પરમારે મનોજ સિંહા અને અન્ય અધિકારીઓને તેમના નામ પર ફસાવ્યા. તેણે એમ પણ કહ્યું કે તે ખૂબ જ આશ્ચર્યજનક છે કે અરજદાર, બંધારણ અને તેના કાયદાઓનું વ્યાપક જ્ઞાન ધરાવતા વરિષ્ઠ IAS અધિકારીએ લેફ્ટનન્ટ ગવર્નર વિરુદ્ધ અરજી દાખલ કરી.

ટ્રિબ્યુનલે કહ્યું કે તેઓ અરજીને ફગાવી રહ્યા છે અને ભવિષ્યમાં આવી તોફાની અને વ્યર્થ અરજીઓ દાખલ કરવાથી બચવા માટે પરમાર પર રૂ. ૧ લાખનો ખર્ચ લાદી રહ્યા છે.

ચોમાસુ સત્ર દરમિયાન ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટમાં સુધારા સહિત છ નવા બિલ રજૂ કરાશે

નવીદિલ્હી,તા.૧૯



આગામી સપ્તાહે શરૂ થઈ રહેલા સંસદના ચોમાસા સત્ર દરમિયાન ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટમાં સુધારા સહિત છ નવા બિલ રજૂ કરવામાં આવશે. લોકસભા સચિવાલય દ્વારા જારી કરવામાં આવેલા બુલેટિનમાં આ બિલોની યાદી પ્રકાશિત કરવામાં આવી હતી. ચોમાસુ સત્ર ૨૨ જુલાઈથી શરૂ થશે અને ૧૨ ઓગસ્ટ સુધી ચાલશે. નાણામંત્રી નિર્મલા સીતારમણ મંગળવારે કેન્દ્રીય બજેટ રજૂ કરશે. લોકસભા અધ્યક્ષની અધ્યક્ષતાવાળી સમિતિમાં સુદીપ બંદોપાધ્યાય (ટીએમસી), પીપી ચૌધરી (ભાજપ), લવુ કૃષ્ણ દેવરાયાલુ (ટીડીપી), નિશિકાંત દુબે (ભાજપ), ગૌરવ ગોગોઈ (કોંગ્રેસ), સંજય જયસ્વાલ (ભાજપ), દિલેશ્વર કામત (જેડીયુ)નો સમાવેશ થાય છે.), ભર્તૃહરિ મહતાબ (ભાજપ), દયાનિધિ મારન (ડીએમકે), બૈજયંત પાંડા (ભાજપ), અરવિંદ સાવંત (શિવસેના-યુબીટી), કે. સુરેશ (કોંગ્રેસ), અનુરાગ ઠાકુર (ભાજપ) અને લાલજી વર્મા (એસપી) સભ્ય બન્યા છે.

આઈએમડીએ હિમાચલ અને ઉત્તરાખંડના પહાડી વિસ્તારોમાં ભૂસ્ખલનની ચેતવણી જારી કરી

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૧૯

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ઉત્તર ભારતમાં ચોમાસું સક્રિય રહેવાની શક્યતા છે. દિલ્હી એનસીઆર સહિત દેશના ઘણા રાજ્યોમાં ચોમાસાના વરસાદે પુનરાગમન કર્યું છે. છેલ્લા કેટલાક દિવસોથી ઓછા વરસાદને કારણે આકરી ગરમીથી લોકો પરેશાન થઈ રહ્યા હતા. પરંતુ ફરી એકવાર દિલ્હી અને આસપાસના રાજ્યોમાં વરસાદની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. હવામાન વિભાગે દિલ્હી સહિત અનેક સ્થળોએ વરસાદની આગાહી કરી છે. પહાડોથી લઈને મેદાની વિસ્તારોમાં ભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે. હવામાન વિભાગે દિલ્હી, યુપી, બિહાર, ઝારખંડ, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, રાજસ્થાન, મહારાષ્ટ્ર, ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશમાં વરસાદની આગાહી કરી છે. આ સાથે આઈએમડીએ હિમાચલ અને ઉત્તરાખંડના પહાડી વિસ્તારોમાં ભૂસ્ખલનની ચેતવણી પણ જારી કરી છે. આ પહેલા ગુરુવારે હવામાન વિભાગે કહ્યું હતું કે ઉત્તર-પશ્ચિમ ભારતમાં આગામી પાંચ દિવસ દરમિયાન દિલ્હી, હરિયાણા, પંજાબ, ઉત્તર પ્રદેશ, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ અને રાજસ્થાનમાં ગાજવીજ સાથે હળવોથી મધ્યમ વરસાદ થવાની સંભાવના છે.

ઉત્તર પ્રદેશમાં હવામાનમાં પલટો આવવાની સંભાવના છે. જો કે ગુરુવારે અનેક જિલ્લાઓમાં ભારે વરસાદ પડ્યો હતો.

હવે ઉત્તરાખંડમાં પણ દુકાનદારોએ હોટલ અને ઢાબાના રેટ લિસ્ટ સાથે તેમના નામ લખવાના રહેશે

(એ.આર.એલ),દેહરાદૂન,તા.૧૯

ઉત્તર પ્રદેશની જેમ હવે ઉત્તરાખંડમાં પણ કંવર યાત્રાના રૂટ પરના દુકાનદારોએ હોટલ અને ઢાબાના રેટ લિસ્ટ સાથે તેમના નામ લખવાના રહેશે, હરિદ્વાર પોલીસ પ્રશાસને રેસ્ટોરન્ટના માલિકોને તેમના નામ કંવર પર દર્શાવવા આદેશ આપ્યો છે. હરિદ્વારના એસએસપી પરમેન્દ્ર ડોબલે કહ્યું કે કંવર માર્ગ પર આવેલી હોટલ, ઢાબા, રેસ્ટોરન્ટ કે સ્ટ્રીટ વેન્ડરોએ ફરજીયાતપણે તેમના માલિકનું નામ લખવું પડશે. જો તેઓ આમ નહીં કરે તો તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

તમને જણાવી દઈએ કે હાલમાં જ હરિદ્વારમાં કેટલાક સંગઠનોએ પોલીસ સમક્ષ માંગ ઉઠાવી હતી કે કંવર માર્ગ પર શિવભક્તોને કોઈ મુશ્કેલી ન પડે તે માટે દુકાનદારોએ દુકાનો પર તેમના નામ ચોક્કસપણે લખવા જોઈએ. જે બાદ હવે પોલીસે મામલાની ગંભીરતાને જોતા આ નિર્ણય લીધો છે.

વિનય મોહન ક્વાત્રાને અમેરિકામાં ભારતના રાજદૂત તરીકે નિયુક્ત કરાયા

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૧૯

અમેરિકામાં ભારતના નવા રાજદૂતના નામની જાહેરાત કરવામાં આવી છે. ભારતીય વિદેશ મંત્રાલયે વરિષ્ઠ ભારતીય વિદેશ સેવા અધિકારી વિનય મોહન ક્વાત્રાને અમેરિકામાં ભારતના રાજદૂત તરીકે નિયુક્ત કર્યા છે. તમને જણાવી દઈએ કે ક્વાત્રા આ મહિને વિદેશ સચિવ પદ પરથી નિવૃત્ત થયા હતા. હવે તેમને અમેરિકામાં નવી જવાબદારી સોંપવામાં આવી છે. જાન્યુઆરીમાં તરનજીત સિંહ સંધુની નિવૃત્તિ બાદ આ પદ ખાલી હતું. ક્વાત્રાનો કાર્યકાળ આ વર્ષે ૩૦ એપ્રિલે પૂરો થયો હતો પરંતુ કેન્દ્ર સરકારે તેમનો કાર્યકાળ છ મહિના માટે લંબાવ્યો હતો. ક્વાત્રાના સ્થાને વિક્રમ મિસરીને વિદેશ સચિવ બનાવવામાં આવ્યા છે. વિદેશ સચિવ બનતા પહેલા વિનય મોહન ક્વાત્રા ચીન, અમેરિકા અને ફ્રાન્સમાં ભારતના રાજદૂત તરીકે કામ કરી ચૂક્યા છે.

બંગાળના રાજ્યપાલ વિરુદ્ધની અરજી પર સુપ્રીમ કોર્ટે પક્ષકારોને નોટિસ જારી કરી

કોલકતા,તા.૧૯

સુપ્રીમ કોર્ટે પશ્ચિમ બંગાળ રાજભવનની એક મહિલા કર્મચારીની અરજી પર સુનાવણી કરતા તમામ પક્ષકારોને નોટિસ પાઠવી છે. આ અરજીમાં પશ્ચિમ બંગાળના ગવર્નર સીવી આનંદ બોઝ પર લગાવવામાં આવેલા જાતીય સતામણીના આરોપોને ટાંકીને બંધારણની કલમ ૩૬૧ હેઠળ રાજ્યપાલને આપવામાં આવેલી ઈમ્યુનિટીને પડકારવામાં આવી છે. આ અરજીમાં કહેવામાં આવ્યું છે કે પશ્ચિમ બંગાળ સરકારને રાજ્ય પોલીસ દ્વારા મામલાની તપાસ કરવા અને રાજ્યપાલનું નિવેદન રેકોર્ડ કરવાનો નિર્દેશ આપવામાં આવે. આ અરજી બંધારણની કલમ ૩૨ હેઠળ સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવી છે. અરજદારની માંગ છે કે રાજ્યપાલ કલમ ૩૬૧ હેઠળ આપવામાં આવેલી છૂટનો ઉપયોગ કેવી રીતે કરી શકે તે અંગે માર્ગદર્શિકા પણ તૈયાર કરવામાં આવે.

જૂનાગઢના કેશોદના અખોદર ગામે વાડી વિસ્તારમાં પૂરમાં ફસાયા ખેડૂતો, બોટ દ્વારા કરાયું રેસ્ક્યુ

દ્વારકામાં આભ ફાટ્યુ: ૧૪ ઈંચ વરસાદ

(એ.આર.એલ),દ્વારકા,તા.૧૯

હવામાન ખાતાની આગાહી મુજબ દ્વારકા જિલ્લામાં સાર્વત્રિક વરસાદ જોવા મળ્યો હતો. ગત રાત્રે ગાજવીજ સાથે શરૂ થયેલ ધોધમાર વરસાદ હાલ પણ સમગ્ર દ્વારકા જિલ્લાને ધમરોળી રહ્યો હોય તેવા દ્રશ્યો સામે આવ્યા હતા. ગત રાત્રે કલ્યાણપૂર પંથકમાં ૨ કલાકમાં ૬ ઈંચ વરસાદ સાથે હાલ સુધી ૧૪ ઈંચ જેટલો પડ્યો છે. ખંભાળિયા પંથકમાં ૭ ઈંચ, દ્વારકા અને ભાણવડ પંથકમાં ૫ થી ૬ ઈંચ વરસાદ ખાબક્યો છે.

કલ્યાણપૂર પંથકના રાવલ ગામમાં આભ ફાટ્યા જેવી પરિસ્થિતિ જોવા મળી હતી. તો ભાટિયા - ભોગાત, લીંમડી - દ્વારકા, કલ્યાણપૂર-હર્ષદ, પાનેલી-હરીપર વચ્ચેના માર્ગ પર પાણી ફરી વળતા વાહન વ્યવહાર ખોરવાયો હતો. તો બીજી તરફ ખંભાળિયા તાલુકામાં આવેલ સિંહણ ડેમ ઓવરફ્લો થયો હતો તો સલાયા અને ખંભાળિયા ગામમાં નીચાણ વાળા વિસ્તારમાં પાણી ભરાયાં હતાં, તો સલાયા-બારાને જોડતો માર્ગ બંધ થયો હતો,

ભાણવડ પંથકમાં વરસાદના પગલે સતસાગર ડેમ ઓવરફલો થયો જેના પગલે ફલકુ નદીમાં પૂર આવતા ભાણવડની બજારોમાં પૂર જેવા દ્રશ્યો જોવા મળ્યા હતા. ભાટિયાની બજારમાં પણ પાણી ફરી વળ્યા હતા, તો જિલ્લાના મોટા ભાગના ખેતરોમાં પાણી ભરાયા હતા. જેનાથી પાકમાં નુકસાનની ભીતિ સેવાઈ રહી છે. તો બીજી તરફ જિલ્લા કલેકટર જી.ટી.પંડ્યા દ્વારા લોકોને નીચાણ વાળા વિસ્તારમાંથી સુરક્ષિત સ્થળે ખસી જવા આહ્‌વાન કરાયું હતું. તો ડેમ કે અન્ય જોખમી સ્થળે પાણીના પ્રવાહની નજીક ન જવા અપીલ કરી હતી. દ્વારકામાં ભારે વરસાદના કારણે જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. દ્વારકાના જામ રાવલ ગામે ધોધમાર વરસાદ વરસ્યો હતો. જેમાં નીચાણવાળા વિસ્તારો પાણીમાં ગરકાવ થઈ ગયા છે આ સાથે અનેક વિસ્તારોમાં પાણી ફરી વળ્યા છે. ત્યારે હાલ પડેલા વરસાદના કારણે જનજીવન પ્રભાવિત થઈ રહ્યું છે. દ્વારકાના જામ રાવલ ગામે ભારે વરસાદના કારણે આખું ગામ બેટમાં ફેરવાય ગયુ છે. એચજીએલ હાઈસ્કૂલ ખાતેના વિસ્તારોમાં ધસમસતા પાણીના પ્રવાહના કારણે ઘરો અને આસપાસના વિસ્તારો પાણીમાં જોવા મળી રહ્યા છે. ત્યારે જામ રાવલ ગામે વરસાદના કારણે થયેલ તબાહીના ડ્રોન વીડિયો સામે આવ્યા છે. સામે આવેલા આ ડ્રોન વીડિયોના આ દ્રશ્યોમાં ચારે તરફ પાણી જ પાણી જોવા મળી રહ્યું છે. આ સાથે જામ રાવલ ગામ પણ પાણીમાં ગરકાવ થઈ રહ્યું હોવાનું જણાઈ રહ્યું છે. ભારે વરસાદના પગલે વહેલી સવારથી જ અનેક વિસ્તારો પાણી જ પાણી થઈ ગયા છે. ઘરો, શાળાઓ દુકાનોમાં પાણી ઘૂસી ગયા છે. પોરબંદર જિલ્લામાં મેઘરાજા કોપાયમાન થયા હોય તેવા દ્રશ્યો સર્જાયા છે. પોરબંદરમાં બારે મેઘ ખાંગા જેવી સ્થિતિ છે. પોરબંદર જિલ્લામાં ૨૪ કલાકમાં ૧૪ ઈંચ વરસાદ ખાબકતા જનજીવન અસ્ત-વ્યસ્ત થઈ ગયુ છે. પોરબંદરમાં રાણાવાવમાં ૯ ઈંચ, કુતિયાણામાં ૬ ઈંચ વરસાદ, ભારવાડાના વાડી વિસ્તારમાંથી ૭ લોકોનું રેસ્ક્યુ કરવામાં આવ્યુ છે. બગવદર કિંદરખેડા વચ્ચે વાડી વિસ્તારમાંથી ૨ લોકોનું રેસ્ક્યુ કરવામાં આવ્યુ છે. વાડી વિસ્તારમાં ફસાયેલા લોકોની બચાવની કામગીરી હાથ ધરવામાં આવી છે. પોરબંદર શહેરમાં ધોધમાર વરસાદ વરસ્યો છે. પોરબંદર શહેરનો એમ.જી રોડ બેટમાં ફેરવાયો છે. પોરબંદર શહેરમાં વરસાદી પાણી ભરાયા છે. ભારે વરસાદથી દુકાનોમાં પાણી ફરી વળે તેવી શક્યતા જોવા મળી રહી છે.અતિભારે વરસાદ અને મીની વાવાઝોડાને કારણે વૃક્ષો ધરાશાયી થયા છે. પોરબંદર શહેરમાં ૧૫થી વધુ વૃક્ષો ધરાશાયી થયા છે. જે પછી બંધ થયેલા રસ્તા ખુલ્લા કરવામાં આવ્યા છે. અનેક સ્થળે હોર્ડિંગ્સ ધરાશાયી થયા છે. તો પાણી ભરાતા એમ્બ્યુલન્સને પણ જવામાં મુશ્કેલી પડી રહી છે. જૂનાગઢમાં ગઈકાલ રાત્રીથી વરસી રહેલા સતત વરસાદથી ઠેર ઠેર પૂરની સ્થિતિ સર્જાઈ છે. ભારે વરસાદ અને ઉપરવાસમાં પડેલા વરસાદથી ડેમના દરવાજા ખોલવામાં આવ્યા હતા. જેના કારણે ચોમેર ફરી વળેલા વરસાદી પૂરના પાણીમાં, કેશોદના અખોદર ગામે વાડી વિસ્તારમાં ખેડૂત- પશુપાલક ફસાઈ જવા પામ્યા હતા. ગામના ખેડૂત અને પશુપાલકો પૂરના ધસમસતા પાણીમાં ફસાઈ ગયા હોવાની જાણ ગ્રામ પંચાયતના સભ્યોને થઈ હતી તેમણે તેમને બચાવવા કામગીરી હાથ ધરી હતી.

ખેડૂતોને કોલ્ડ સ્ટોરેજ ઉભા કરવા અંગેની નવી યોજના અમલમાં

(એ.આર.એલ), ગાંધીનગર,તા.૧૯

રાજ્યના ખેડૂતોને સમૃદ્ધ અને સ્વનિર્ભર બનાવવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકાર દ્વારા એક પછી એક સતત ખેડૂત હિતલક્ષી નિર્ણયો લેવામાં આવી રહ્યા છે. ગુજરાતમાં છેલ્લા કેટલાક વર્ષો દરમિયાન બાગાયતી પાકોનું વાવેતર અને ઉત્પાદન વધ્યું છે. બાગાયતી ઉપજોનો બગાડ અટકાવવા તેમજ ખેડૂતોને સારો બજાર ભાવ મળી રહે તે માટે રાજ્ય સરકારે નવી યોજના અમલમાં મૂકી છે. રાજ્ય સરકારે બાગાયતી ખેતી કરતા ખેડૂતો પોતાના ઉત્પાદનો સારી રીતે સંગ્રહ કરી શકે તે માટે ૧૦,૦૦૦ મેટ્રિક ટન ક્ષમતા સુધીના કોલ્ડ સ્ટોરેજ ઉભા કરવા અંગેની નવી યોજના અમલમાં મૂકી છે.

કૃષિ મંત્રી રાઘવજી પટેલે યોજના અંગે વિગતવાર માહિતી આપતા જણાવ્યું હતું કે, રાજ્યમાં બાગાયતી પાકો માટે કોલ્ડ સ્ટોરેજ વધારવાની દિશામાં રાજ્ય સરકાર દ્વારા નવી યોજના અમલમાં મૂકવામાં આવી છે. આ યોજના હેઠળ ૫,૦૦૦ મેટ્રિક ટનથી મોટા અને ૧૦,૦૦૦ મેટ્રિક ટન ક્ષમતા સુધીના કોલ્ડ સ્ટોરેજ ઉભા કરવા માટે એકમદીઠ ખર્ચના મહત્તમ ૫૦ ટકા સહાય, મહત્તમ રૂ. ૩૭૯ લાખ સુધીની સહાય આપવામાં આવશે. જે લાભાર્થીઓને ક્રેડીટ લીંક બેક એન્ડેડ સબસિડી તરીકે સહાય ચૂકવવામાં આવશે. આ નવી યોજના માટે રાજ્ય સરકાર દ્વારા કુલ રૂ. ૫૦ કરોડની માતબર રકમ ફાળવવામાં આવશે. મંત્રી પટેલે ઉમેર્યું હતું કે, બાગાયતી પાકો ખૂબ જ ઝડપથી બગડી જતા હોવાથી, કાપણી પછીના વ્યવથાપન અંતર્ગત પાકનો સંગ્રહ અથવા તેનું મૂલ્યવર્ધન કરવું અતિ આવશ્યક છે.

અમદાવાદ મ્યુ. કોર્પોરેશનને ભૂવા મુદ્દે હાઈકોર્ટે ઝાટક્યું

અમદાવાદ, તા.૧૯

અમદાવાદ શહેરમાં રખડતા ઢોર અને રસ્તાઓ ઉપર ભૂવા પડવા મામલે ગુજરાત હાઈકોર્ટમાં સુનાવણી હાથ ધરાઈ હતી. આ દરમિયાન હાઈકોર્ટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને જોરદાર ફટકાર લગાવી હતી. કોર્ટે કહ્યું હતું કે, 'અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રસ્તાઓના રીપેરીંગની કામગીરી યોગ્ય રીતે કરવામાં આવી છે તેવા દાવાઓ કરવામાં આવે છે તેમ છતાં શહેરના રસ્તાઓ ઉપર અવારનવાર મસમોટા ભૂવાઓ કેમ પડે છે? અમદાવાદ કોર્પોરેશનના એન્જિનિયરો શું કરી રહ્યા છે? આ બાબતે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રોડ બનાવવાની તેમજ કોઈ કામગીરી માટે રોડ ખોલવાની અને રોડ બંધ કરવાની શું પોલીસી છે તે રજૂ કરવી એવો જસ્ટિસ અલ્પેશ વાય કોગજે અને જસ્ટિસ સમીર જે દવેની ખંડપીઠે અમ્યુકોને નિર્દેશ કર્યો હતો. ગુજરાત હાઈકોર્ટે જણાવ્યું હતું કે, કોર્પોરેશન દ્વારા કામગીરી બાબતે દાવાઓ કરવામાં આવે છે પણ તેમ છતાં અવારનવાર રસ્તાઓ ઉપર કેમ ભૂવા પડે છે એ બાબતનો કોઈ જવાબ આપવામાં આવ્યો નથી. કોર્પોરેશન દ્વારા એન્જિનિયરની ભરતી કરવામાં આવે છે, પરંતુ રોડ રસ્તાની કામગીરી થર્ડ પાર્ટીના ભરોસે હોય છે. તો શું માત્ર એન્જિનિયરો થર્ડ પાર્ટી એક્સપર્ટના સહારે જ કામ કરે છે? આ બાબતનો જવાબ આપો.' જો કે, આ કેસની વધુ સુનાવણી હવે આગામી ૨૫મી જુલાઈએ થશે.

ભાજપ પ્રદેશ પ્રમુખ માટે ગોરધન ઝડફિયા,ભરત બોઘરાના નામ આગળ

(એ.આર.એલ),ગાંધીનગર,તા.૧૯

હાલ ગુજરાત ભાજપમાં પ્રદેશ પ્રમુખ માટેનું કોકડું ગૂંચવાયું છે. સી.આર. પાટીલની મુદત પૂર્ણ થઈ ચૂકી હોવા છતાં પાર્ટી હજુ નવું નામ નક્કી કરી શકી નથી. ઓબીસી સમાજના નેતાને પ્રમુખ પદે બેસાડવા કે પટેલ સમાજના નેતાને પ્રમુખ પદ સોંપવું તેની ગડમથલ ચાલી રહી છે. પરંતુ ભાજપના આંતરિક સૂત્રોએ જણાવ્યું હતું કે જો પટેલ સમાજના વ્યક્તિને પ્રદેશ પ્રમુખ બનાવવાનું નક્કી થાય તો જૂના જોગી ગોરધન ઝડફિયા અને ભરત બોઘરાના નામ સૌથી આગળ ચાલી રહ્યા છે. રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ છે. રાજ્યના સર્વોચ્ચ પદ પર પટેલ સમાજની વ્યક્તિ બેઠી હોવાથી સ્વાભાવિક છે કે ભારતીય જનતા પાર્ટી સામાજિક સમીકરણો સેટ કરવા માટે તેમના સંગઠનના સર્વોચ્ચ પદ એટલે કે પ્રદેશ પ્રમુખ પદે અન્ય સમાજની વ્યક્તિને બેસાડે તે સ્વાભાવિક છે. જેમાં મોટા સમાજ તરીકે ઓબીસી સમાજ મોખરે આવે. પરંતુ જો પાર્ટી મન બનાવે કે પ્રદેશ પ્રમુખ પદે પાટીદાર ચહેરાને બેસાડવો તો હાલમાં બે નામો ચર્ચામાં છે. એક નામ ભાજપના જૂના જોગી અને એક સમયના નરેન્દ્ર મોદીના જોડીદાર ગોરધન ઝડફિયાનું છે. જ્યારે બીજું નામ ભાજપના તોફાની નેતા ગણાતા ભરત બોઘરાનું છે.

આ બંને નેતાની જુદી જુદી ખાસિયત છે. ગોરધન ઝડફિયા અને ભરત બોઘરા બંને હાલ પ્રદેશ ઉપાધ્યક્ષ તો છે જ. ઝડફિયા ભાજપ સંગઠનના જૂના જાણકાર છે.

પોલીસ કર્મચારીઓની કાલીપૂરા ગામના જમીન કૌભાંડમાં સંડોવણી

(એ.આર.એલ), ગાંધીનગર,તા.૧૯

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના જૂના પહાડિયા ગામની જેમ જ કાલીપૂરા ગામનો દસ્તાવેજ પણ બારોબાર કરી નાખવામાં આવ્યો છે. હવે આ પ્રકારના કૌભાંડમાં પોલીસ કર્મચારીઓ પણ સંડોવાયેલા હોવાનું બહાર આવ્યું છે. હાલમાં તો બે પોલીસ કર્મચારીઓ આ કૌભાંડમાં સંડોવાયેલા હોવાનું મનાય છે. તેના લીધે પોલીસ આ કૌભાંડનો કેસ લેવાનો ઈન્કાર કરી રહી છે.

જૂના પહાડિયાની જેમ આ જમીનનો વેચાણ દસ્તાવેજ ગામલોકોની જાણ બહાર થઈ ગયો છે. તેના લીધે અહીંના ગામવાસીઓની સ્થિતિ વણસી છે. સાત બારમાં નામ ધરાવતા ત્રણ વારસદારોએ જમીન બારોબાર વેચી મારી છે. તેમાં પણ આ જમીન ખરીદનારાઓમાં બે જણા પોલીસ કર્મચારી હોવાનું મનાય છે. આ બંનેને રાજકીય પીઠબળ હોવાનું મનાય છે.

સોનાનાં કલાત્મક આભૂષણ
રીયલ ડાયમંડ જ્વેલરી
રોઝ ગોલ્ડ તથા
વ્હાઈટ ગોલ્ડ જ્વેલરી
૯૨.૫ સ્ટર્લિંગ સિલ્વર જ્વેલરી
વી.કે. જ્વેલર્સ
દાણા બજાર, ટાવર પાસે, અમરેલી.
ફોનઃ ૦૨૭૯૨- ૨૨૬૧૬૨, મો.૮૦૦૦ ૭૦૦ ૮૦૦
ચોકસી નાગરીક બેંક અમરેલી.

Sheetal
We are HIRING!
REPORTING MANAGER
Number of position : 01
Segment : Ice Cream
Experience : 1 to 2 Years
Location : Amreli
SALES & MARKETING OFFICER
Number of position : 01
Segment : Ice Cream
Experience : 1 to 2 Years
Location : Amreli
Ready to take your sales career to new heights?
PLEASE SEND YOUR CV
+91 95109 59957
hr@scplco.com

વિશ્વાસ "મધુવન" માં, રૂપનો ઉજાસ હર જીવનમાં !
શુધ્ધતા વિશ્વાસ સુરક્ષા
હોલમાર્ક સર્ટીફીકેટ વિમા કવચ
MGA મધુવન® ગોલ્ડ આર્ટ
સોના-ચાંદીના દાગીના બનાવનાર તથા વેચનાર
જુની બજાર, પાણી દરવાજા રોડ, અમરેલી. ☎: 02792 - 222208 ✆: 94264 23006
madhuvan gold art madhuvangold.in

નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
અમરેલી - ૩૬૫ ૬૦૧
ફોન નં : (૦૨૭૯૨) ૨૨૩૫૫૭ / ૨૩૦૫૫૭
સોનાના ૨૨ કેરેટ હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે
6356560000
મીસડકોલ કરો અને SMS થી ભાવ જાણો.
તેમજ Whatsapp DP માં ભાવ જુઓ.

POLO PLUS પોલો પ્લસ CONTAINERS
અમને ગૌરવ છે, કે અમે ગુજરાતી છીએ
અમે સસ્તી નહી
સૌથી શ્રેષ્ઠ પ્રોડકટ બનાવીએ છીએ....
100 - 150
200 - 300
લીટર માં ઉપલબ્ધ
૧૦૦% ફૂડ ગ્રેડ મટીરીયલ્સ
500 થી 10000 લીટર ની વિશાળ રેન્જ માં ઉપલબ્ધ
9 YEAR WARRANTY
૧૪ વર્ષ ની ગેરંટી
વધુ વિગત માટે સંપર્ક કરો
મો.૯૯૦૯૬૦૯૬૯૬

હોસ્પિટલ માટે સ્ટાફ જોઈએ છે
મેડીકલ ઓફિસર
M.B.B.S./B.H.M.S./B.A.M.S.
લેડીઝ તેમજ જેન્ટસ
: પગાર ધોરણ (ફ્રેશર માટે) :
રૂા. ૧૪,૦૦૦/- થી ૧૮,૦૦૦/-
અનુભવી માટે : રૂા. ૨૦,૦૦૦/- થી ૩૦,૦૦૦/-
ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું, ફોન કરવો નહિ.
મળવાનો સમય : ૧૧ થી ૧૨,સાંજે ૫:૩૦ થી ૬:૩૦
નારી વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
જૂના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

Care is our culture
AIMS HOSPITAL-AMRELI - એઈમ્સ હોસ્પિટલ અમરેલી
કાર્ડિયાક વિભાગ
• 24 x 7 ફૂલટાઈમ ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટ ઉપલબ્ધ
• હૃદયનો 2D / 3D ઈકો વીથ કલર ડોપ્લરની સુવિધા
• ડોબ્યુટેમાઈન સ્ટ્રેશ ઈકોની સુવિધા
• ટી.એમ.ટી. તથા ૨૪ કલાક એમ્બ્યુલેટરી બી.પી. મોનીટરીંગની સુવિધા
• HOLTER (હોલ્ટર)ની સુવિધા ઉપલબ્ધ
• હૃદયરોગ (હાર્ટ એટેક) વખતે કરાવવી પડતી એન્જિયોગ્રાફી તથા એન્જિયોપ્લાસ્ટી (સ્પ્રિંગ / સ્ટેન્ટ મુકવું)
• પેસમેકર (હૃદયને ધબકતું રાખવાનું યંત્ર)ની સુવિધા ઉપલબ્ધ (ટેમ્પરરી તથા પરમેનન્ટ)
• હાર્ટ ફેલ્યોર, પલ્મોનરી એમ્બોલીઝમ વગેરે ગંભીર રોગોની સારવાર
આયુષ્યમાન ભારત કે મા કાર્ડ ધારક લાભાર્થીને તદ્દન ફ્રી એન્જિયોગ્રાફી તથા એન્જિયોપ્લાસ્ટીની સુવિધા ઉપલબ્ધ
ડૉ. અમિત શર્મા
MBBS, DNB (Int Medicine), CCEBDM,
DNB (Cardiology)Interventional Cardiologist
સિનીયર ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજિસ્ટ
૧૪ વર્ષનો બહોળો અનુભવ
02792222060
7610810827
એઈમ્સ હોસ્પિટલ,
બસ સ્ટેશનની સામે, અમરેલી